બ્લોગ અને વેબસાઈટ પરથી સંકલન

# બાળગીતો

(બાળકોનો કલરવ)

પ્રસ્તુતકર્તા




Thank You

**For more Details visit the site**

www.dharamsinhrathod.com

# કક્કાવારી પ્રમાણે બાળગીતોની યાદી

| |
|---|
| અડકો દડકો દહીંનો દડકો |
| અમારા ઢીંગલીબેન છે નાના |
| અમે ફેર ફુદરડી રમતા'તા |
| અમે બાલમંદિરમાં |
| અંતર મંતર જંતર, હું જાણું છું એક મંતર |
| આકાશમાં ઊડવાની કેવી મજા |
| આવડા અમથા વાંદરાભાઈને સિનેમાનો શોખ |
| ઊંટ કહેઃ આ સભામાં,વાંકાં અંગવાળાં ભૂંડા |
| એક કબૂતર નાનું બહુ ગમે ઊડવાનું |
| એક ઢિંગલી સોહાણી લટકા-મટકા કરતી જાય |
| એક બિલાડી જાડી તેણે પહેરી સાડી |
| એક હતો ઉંદર |
| એકડે એક |
| એકડો સાવ સળેખડો ને બગડો ડીલે તગડો |
| એન ઘેન દીવા ઘેન |
| કાળી ધોળી રાતી ગાય |
| કીડી, બગલો અને હાથી |
| કોઇ પાળે ફરફરિયું તો કોઇ પાળે ગાય (ફુગ્ગો) |
| કોઇ ભણવાને આવજો |
| કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી |
| કોયલ કૂ કૂ ગાય, મને ગાવાનું મન થાય |
| ખિલખિલાટ કરતાં |

| |
|---|
| ગણપતિદાદા મોરિયા |
| ગરબડિયો કોરાવો |
| ઘડીયાળ મારું નાનું |
| ઘેરૈયા સૌ ચાલો હોળી આવી રે |
| ઘોઘા ઘોઘા ઘોઘ સલામ |
| ઘોડાગાડી રીક્ષા, રીક્ષામાં બેઠા બાળકો |
| ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો |
| ચકલી અને ફરર ફરર |
| ચકલી બોલે ચીં ચીં |
| ચકીબેન ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહિ |
| ચણ ચણ બગલી ચણાની દાળ |
| ચણો પહેલવાન |
| ચલ રે ઘોડા ચલ ચલ ચલ |
| ચાલો નિશાળે જઈએ ચાલો નિશાળે |
| ચાંદો સૂરજ રમતા'તા |
| ચોકમાં દાણા નાખ્યા છે |
| ચોલી પહેરીને હું તો નિશાળે ગઈ 'તી |
| છુક છુક ગાડી |
| છેટે છેટે ખોરડાં |
| જન્મદિવસ |
| ઝાડ નીચે બેઠા બચુભાઈ |
| ડોશીમા ડોશીમા ક્યાં ચાલ્યાં? |
| ઢિંગલી તારા માંડવા રોપ્યા, ઢોલ વાગે ઢમઢમ |
| ઢીંગલી મેં તો બનાવી મજાની |

| |
|---|
| ઢીંગલીને મારી હાલાં |
| તને ચકલી બોલાવે |
| તારા ધીમા ધીમા આવો |
| થમ થમ થમ થમ્પો દેતા |
| દાદાનો ડંગોરો |
| દીકરીના દેશમાં આવજો હો દાદા |
| દોડો રે દોડો ભાઈ |
| નમિયે તુજને વારંવાર |
| નાના નાના સૈનિક |
| નાના સસલાં |
| નાની મારી આંખ |
| નામ મારું છે ખુશી, ખુશી ખુશી હું બોલું |
| પપ્પા અમને આજ લઈ જાઓ,જોવા દરિયે હોડી |
| પરી રાણી તમે આવો |
| પાપા પગલી ધૂળની ઢગલી |
| પિપૂડીવાળાનો પેલો તનમનિયો |
| પીં પીં સીટી વાગી |
| પેલા ચકલીબાઈ એ માળા બાંધ્યા ઢંગા વગરના |
| પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે |
| પોપટ મીઠું બોલે |
| બટુકભાઈ કેવડા હતા રે |
| બની પતંગ ઉડુ આકાશમા |
| બા પેલા બાગમાં દોડી દોડી જાઉં |
| બાર મહિના |

| |
|---|
| બાળની મસ્તી મને ગમે છે |
| બિલાડીનું નાનું બચ્ચું મેળો જોવા જાય |
| બિલ્લીમાસી ઘરમાં ઘૂસી |
| બેનીને ઝબલે રૂપાળા મોર |
| ભઈલો મારો ડાહ્યો |
| ભાઇ |
| ભાઈ બહેનની જોડી |
| મજાની ખિસકોલી |
| મને ઓળખે છે |
| મને મળી ગયું બાળપણ બાગમાં |
| મને મારૂં બચપણ યાદ આવે |
| મમ્મા ઢીંગલ ઢીંગલ ઢીંગલ |
| મા મને સાગર કિનારે લઈ જા. |
| મા...મા... દિવાળી આવી |
| મામાનું ઘર કેટલે દીવા બળે એટલે |
| મારા બારણાને ટોડલે ચકલી રમે,એની ઝીણી ઝીણી આંખ |
| મારો છે મોર |
| માલવભાઈ તમે આવજો મારે ગામ |
| માંદી પડી માંદી પડી આજ મારી ઢીંગલી માંદી પડી |
| મેળામાં જઈએ ભાઈ મેળામાં જઈએ |
| મેં એક બિલાડી પાળી છે તે રંગે બહુ રુપાળી છે |
| યાદ આવે માના મીઠા બોલ |
| રજા પડી, મજા પડી |
| રંગીલા રંગીલા રંગીલા પતંગિયા |

| |
|---|
| રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી |
| લીલી પીળી ઓઢણી ઓઢી રે મેં તો ઓઢી રે |
| વાદળ વાદળ વરસો પાણી |
| વારતા રે વારતા ભાભો ઢોર ચારતા |
| શીંગોડા શીંગોડા |
| સગપણ |
| સાઈકલ મારી ચાલે |
| સાત વાર |
| સામે એક ટેકરી છે |
| સિંહની પરોણાગત |
| હતો હું સુતો પારણે પુત્ર નાનો |
| હાથીભાઈ તો જાડા લાગે મોટા પાડા |
| હાલરડું હાલા રે વાલા મારા ભઈલાને |
| હું કેમ આવું એકલી |
| હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠાં |
| હોળી આવી હોળી આવી |

## અડકો દડકો દહીંનો દડકો

અડકો દડકો
દહીંનો દડકો

દહીં દૂજે, દરબાર દૂજે
વાડી માંહીનો વેલો દૂજે

ઉલ મુલ ધતુરાનું ફુલ
ખાઈ જા શેરડી ખજૂર

## અમારા ઢીંગલીબેન છે નાના

અમારા ઢીંગલીબેન છે નાના,
એ તો દોરે મજાના ખાના,
એને એકડો બગડો ન આવડે,
એને ઘરે આવી શીખવાડો.
ઓ મોરલિયા તમે ઘરે રે આવો,
ટહુકા કરી એને શીખવાડો,
એક ટહુકે એકડો લખવાનો,
બે ટહુકે બગડો લખવાનો.
ઓ સસલાભાઈ તમે ઘરે રે આવો,
કૂદકા મારી એને શીખવાડો,
એક કૂદકે એકડો લખવાનો,
બે કૂદકે બગડો લખવાનો.
ઢીંગલીબેન તો શીખી ગયા બગડો,
સમય મળે તો આવજો કાગડાભાઈ,
ઘરે રે આવી એને શીખવાડો,
હવે એને શીખવો તગડો ને ચોગડો.

ભરત ચૌહાણ (ઓ-કાન્હા)

## અમે ફેર ફુદરડી રમતા'તા

અમે ફેર ફુદરડી રમતા'તા
અમે ફેર ફુદરડી રમતા'તા
ફેર ફુદરડી ફરતાં ફરતાં
પડી જવાની કેવી મજા
ભાઈ પડી જવાની કેવી મજા

અમે સંતાકુકડી રમતા'તા
અમે સંતાકુકડી રમતા'તા
સંતાકુકડી રમતાં રમતાં
પકડાઈ જવાની કેવી મજા
ભાઈ પકડાઈ જવાની કેવી મજા

અમે આમલી પીપળી રમતા'તા
અમે આમલી પીપળી રમતા'તા
આમલી પીપળી રમતાં રમતાં
સંતાઈ જવાની કેવી મજા
ભાઈ સંતાઈ જવાની કેવી મજા

અમે બિલ્લી ઉંદર રમતા'તા
અમે બિલ્લી ઉંદર રમતા'તા
અમે ચું ચું મ્યાઉં મ્યાઉં કરતા'તા
અમે ચું ચું મ્યાઉં મ્યાઉં કરતા'તા
ચું ચું મ્યાઉં મ્યાઉં કરતાં કરતાં
નાસી જવાની કેવી મજા
ભાઈ નાસી જવાની કેવી મજા

અમે સાતતાળી રમતા'તા
અમે સાતતાળી રમતા'તા
સાતતાળી રમતાં રમતાં
દોડી જવાની કેવી મજા
ભાઈ દોડી જવાની કેવી મજા

## અમે બાલમંદિરમાં

હાં રે અમે બાલમંદિરમાં ભણિયે
હાં રે અમે નવી નવી વાતો શીખિયે

અમે સંગીતના વર્ગમાં જઈએ
અમે નીત નવા ગીતો ગાઈએ

અમે ઢોલકના થાપ પર નાચિયે
હાં રે અમે બાલમંદિરમાં ભણિયે
હાં રે અમે નવી નવી વાતો શીખિયે

અમે નાનકડાં બંગલા બનાવિયે
અમે માટીના રમકડાં બનાવિયે

અમે કાગળની હોડી બનાવિયે
હાં રે અમે બાલમંદિરમાં ભણિયે
હાં રે અમે નવી નવી વાતો શીખિયે

અમે બાગમાં હીંચકા ખાઈએ
અમે લસરપટ્ટીમાં લસરિયે

અમે ચકડોળમાં બેસી ફરિયે
હાં રે અમે બાલમંદિરમાં ભણિયે
હાં રે અમે નવી નવી વાતો શીખિયે

હાં રે અમે બાલમંદિરમાં ભણિયે
હાં રે અમે નવી નવી વાતો શીખિયે

## અંતર મંતર જંતર, હું જાણું છું એક મંતર

અંતર મંતર જંતર, હું જાણું છું એક મંતર
તને ચકલી બનાવી દઉં, તને ચકલી બનાવી દઉં

જુઓ આ ટોપલી છે ખાલી (૨)
તેમાં પરી આવે મતવાલી (૨)
મારી ટોપલીમાં જાદુ, તેમાં પરીને બેસાડું
તેનું સસલું બનાવી દઉં, તેનું સસલું બનાવી દઉં
અંતર મંતર જંતર

જુઓ આ ગંજીફાની રમત (૨)
રમતમાં છે મોટી ગમ્મત (૨)
પહેલા રાજા આવે છે, પછી રાણી આવે છે
તેને ગુલામ બનાવી દઉં, તેને ગુલામ બનાવી દઉં

અંતર મંતર જંતરજુઓ આ નાનો છે ઠિંગ્ગુ (૨)
તેનું નામ પાડ્યું છે મેં તો પિંગ્ગુ
પિંગ્ગુ ખૂબ દોડે છે, ઊંચા પહાડ કૂદે છે
એનું લીંબુ બનાવી દઉં, એનું લીંબુ બનાવી દઉં
અંતર મંતર જંતર

## આકાશમાં ઊડવાની કેવી મજા

આકાશમાં ઊડવાની કેવી મજા,
કેવી મજા ભાઈ કેવી મજા,
આકાશમાં ઊડવાની કેવી મજા.
આકાશમાં તો મેદનીનો અંત છે,
આકાશમાં તો ભેરુનો સંગાથ છે,
સંગાથે ઊડવાની કેવી મજા,
કેવી મજા ભાઈ કેવી મજા,
આકાશમાં ઊડવાની કેવી મજા.
આકાશમાંથી ડૂબકી મારવાની,
આકાશમાં તો તરતા શીખવાનું,
તરતા શીખવાની કેવી મજા,
કેવી મજા ભાઈ કેવી મજા,
આકાશમાં ઊડવાની કેવી મજા.
આકાશમાં તો ઊંચે ઊંચે ઊડીએ,
ઊંચે ઊડીને તાકાત માપીએ,
તાકાત માપવાની કેવી મજા,
કેવી મજા ભાઈ કેવી મજા,
આકાશમાં ઊડવાની કેવી મજા.
નિર્બળ જે હોય તે ભલે રહે નીચે,
બાળુડા આજ તમે પાંખો પટપટાવો,
પાંખો પટપટાવવાની કેવી મજા,
કેવી મજા ભાઈ કેવી મજા,
આકાશમાં ઊડવાની કેવી મજા.

- ભરત ચૌહાણ (ઓ-કાન્હા)

## આવડા અમથા વાંદરાભાઈને સિનેમાનો શોખ

આવડા અમથા વાંદરાભાઈને
સિનેમાનો શોખ (૨)
ધોતી પહેરી ઝભ્ભો પહેર્યો (૨)
ટોપી મૂકી આમ, ટોપી મૂકી આમ
આવડા અમથા...
લાકડી લીધી ચશ્મા પહેર્યા (૨)
ચાલી નીકળ્યા આમ,ચાલી નીકળ્યા આમ
આવડા અમથા...
પહેલા નંબરની ટિકિટ કપાવી (૨)
જોવા બેઠા આમ, જોવા બેઠા આમ
આવડા અમથા...
સિનેમામાં તો ધડાકો થયો (૨)
ગભરાઈ ગયા આમ, ગભરાઈ ગયા આમ
આવડા અમથા...
ચંપલ ફેંક્યા, ચશ્મા ફેંક્યા (૨)
ટોપી ફેંકીઆમ, ટોપી ફેંકી આમ
આવડા અમથા...

## ઊંટ કહેઃ આ સભામાં,વાંકાં અંગવાળાં ભૂંડા

અન્યોક્તિ

ઊંટ કહેઃ આ સભામાં,વાંકાં અંગવાળાં ભૂંડા;
ભૂતળમાં પક્ષીઓ ને પશુઓ અપાર છે;

બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી;
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.

વારણની સૂંઢ વાંકી, વાઘના છે નખ વાંકા;
ભેંસને તો શિર વાંકાં, શિંગડાંનો ભાર છે.

સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ;
"અન્યનું તો એક વાંકું, આપનાં અઢાર છે."

- દલપતરામ

## એક કબૂતર નાનું બહુ ગમે ઊડવાનું

નાનું કબૂતર

એક કબૂતર નાનું
બહુ ગમે ઊડવાનું
ઊડ્યું છાનુંમાનું
તો કબૂતરના કાકા બોલ્યા : ઘ્ઘૂ ઘ્ઘૂ ઘ્ઘૂ
કહે કબૂતર : ગાઉં
ડાળે ઝૂલવા જાઉં
તળાવમાં જઇ ન્હાઉં
તો કબૂતરના પપ્પા બોલ્યા : ઘ્ઘૂ ઘ્ઘૂ ઘ્ઘૂ
કબૂતર તો રોતું
આંસુ આવ્યુ મોટું
મમ્મી સામે જોતું
તો કબૂતરની મમ્મી બોલી : ઘ્ઘૂ ઘ્ઘૂ ઘ્ઘૂ

રમેશ પારેખ

## એક ઢિંગલી સોહાણી લટકા-મટકા કરતી જાય

એક ઢિંગલી સોહાણી લટકા-મટકા કરતી જાય (૨)

કાને કુંડળ પહેરીને, નાકે નથણી પહેરીને
લટકા-મટકા કરતી જાય (૨)

હાથે કંગન પહેરીને, પગે ઝાંઝર પહેરીને
લટકા-મટકા કરતી જાય (૨)

પગે સેંડલ પહેરીને, ખભે પર્સ ભેરવીને
લટકા-મટકા કરતી જાય (૨)

## [એક બિલાડી જાડી તેણે પહેરી સાડી]

એક બિલાડી જાડી

તેણે પહેરી સાડી

સાડી પહેરી ફરવા ગઈ
તળાવમાં તે તરવા ગઈ

તળાવમાં તો મગર
બિલ્લીને આવ્યા ચક્કર

સાડીનો છેડો છૂટી ગયો
મગરના મોઢામાં આવી ગયો
મગર બિલ્લીને ખાઈ ગયો

## એક હતો ઉંદર

એક હતો ઉંદર
કોટ પહેર્યો સુંદર

હાથમાં લીધી સોટી
વાતો કરતો મોટી

જો બનું હું અન્નપ્રધાન
કદી પડે ન અન્નની તાણ

ઉંદર સેના ઘૂમતી જાય
ચોકી પહેરો કરતી જાય

કોઠા રોટલા ચરતી જાય
લોકો સૌ વહેંચી ખાય

## એકડે એક

એકડે   એક   પાપડ   શેક
બગડે   બે    ચોપડી    લે

ત્રગડે ત્રણ    વેઢા    ગણ
ચોગડે   ચાર   બેડો   પાર

પાંચડે પાંચ કવિતા વાંચ
છગડે છ   ન શીખે તે   ઢ

સાતડે સાત સાંભળો વાત
આઠડે આઠ   લખજો પાઠ

નવડે નવ લડશો   નવ
એકડે મીંડે દશ   હવે બસ

## એકડો સાવ સળેખડો ને બગડો ડીલે તગડો

એકડો સાવ સળેખડો ને બગડો ડીલે તગડો,
બંન્ને બથ્થંબથ્થા કરતા મોટો ઝઘડો.

તગડો તાળી પાડે ને નાચે તા તા થૈ,
ચોગડાની ઢીલી ચડ્ડી સરરર ઊતરી ગઈ.

પાંચડો પેંડા ખાતો એની છગડો તાણે ચોટી,
સાતડો છાનો માનો એની લઈ ગયો લંગોટી.

આઠડાને ધક્કો મારી નવડો કહેતો ખસ,
એકડે મીંડે દસ વાગ્યા, ત્યાં આવી સ્કૂલ ની બસ.

રમેશ પારેખ

## એન ઘેન દીવા ઘેન

એન ઘેન, દીવા ઘેન
ડાહીનો ઘોડો
ખડ ખાતો
પાણી પીતો
રમતો જમતો, છૂટ્યો છે

હાથમાં લાકડી, કમળ કાકડી
ભાગો ભાગો, ઘોડો ચાલ્યો
દોડો દોડો, ના પકડશો
ડાહીનો ઘોડો
રમતો જમતો, છૂટ્યો છે

## કાળી ધોળી રાતી ગાય

કાળી ધોળી રાતી ગાય
પીએ પાણી ચરવા જાય
ચાર પગ ને આંચળ ચાર
વાંછરડા પર હેત અપાર

પાછળ પુંછડા પર છે વાળ
તેથી કરે શરીર સંભાળ
કાન શિંગ,બે મોટી આંખ
પૂંછડાથી ઊડાડે માખ

નરમ રુવાંટી લિસ્સું અંગ
ગેલ કરે વાંછરડા સંગ
દુધ તેનું ધોળું દેખાય
સાકર નાખી હોંશે ખાય

દહીં માખણ ઘી તેના થાય
તેથી બહુ ઉપયોગી થાય.

-ધીરજ

## કીડી, બગલો અને હાથી

એક હતો બગલો
નામ એનું ભગલો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
કાળો કાળો ડગલો,
ડગલો પહેરે બગલો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
બગલો બન્યો વકીલ,
કીડી બોલીઃ હું અસીલ!
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
હાથી સામે કરો કેસ,
ખેંચ્યા એણે મારા કેશ
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
બગલો કહે :રડ નહીં,
હાથીડાથી ડર નહીં,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
બંદા વકીલ હીરો છે,
હાથીડો તો ઝીરો છે,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
પોલીસને બોલાવું છું
જેલમાં પુરાવું છું
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
બોલો વાત એવી થી,
પછી જોવા જેવી થઈ,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!

વાત સુણી ગુસ્સે થયો,
હાથી બગલા કને ગયો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
સૂંઢથી ઊંચે પહોચાડયો,
ધડમ દઈને પછાડ્યો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
બગલો બોલ્યો : બાપરે!
ખાધી મેં તૂ થાપ રે!
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
કીડી, કીડી મારું માન,
કરી લે તું સમાધાન,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
એકડા પછી બગડો,
હાથીડો છે તગડો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
બળીયા સામે પડીએ નહીં,
ખાલી ખોટા લડીએ નહીં,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
હાથી ભૈ નાં જોઈ રુપ,
કીડી ભાગી ગુપચુપ,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!
પૂંઠે ભાગ્યો બગલો
ફેંકી દઈ ને ડગલો,
તાળી લ્યો, ભૈ, તાળી લ્યો!

-રમેશ ત્રિવેદી

## કોઇ પાળે ફ્રરફ્રરિયું તો કોઇ પાળે ગાય (ફુગ્ગો)

કોઇ પાળે ફ્રરફ્રરિયું તો કોઇ પાળે ગાય
ભાઇ, ભાઇ, ભાઇ મેં તો ફુગ્ગો પાળેલ છે

ફુગ્ગામાંથી બને કબૂતર
ફુગ્ગામાંથી ચક્કો
ફુગ્ગામાંથી બનતો જોકર
એને માથે ટક્કો

દોરી બાંધી ઉડાડીએ તો અધ્ધર અધ્ધર જાય
ભાઇ, ભાઇ, ભાઇ મેં તો ફુગ્ગો પાળેલ છે

પપૂડા પર ફુગ્ગો બાંધું
તો વાજું થઇ જાય
પૈડા પર જોડું તો
મારી સાઇકલ સ્કૂટર થાય

ખિસ્સામાં મૂકું તો છાનોમાનો બેસી જાય
ભાઇ, ભાઇ, ભાઇ મેં તો ફુગ્ગો પાળેલ છે

રમેશ પારેખ

## કોઇ ભણવાને આવજો

કોઇ ભણવાને આવજો!!
મેં તો ખોલી છે, સત્સંગ શાળા રે,
કોઇ ભણવાને આવજો.
સમજુ ચતુરને શાણા રે,
કોઇ ભણવાને આવજો.
એકડો ઘુંટો તમે રામ નામનો,
બગડો બળભદ્ર બાળા રે,
કોઇ ભણવાને આવજો.
તગડો ઘુંટો તમે ત્રીભુવન રાયનો,
ચોગડો શંકર ભોળો રે
કોઇ ભણવાને આવજો.
પાચડો શંકર ભોળો રે,
છઠ્ઠે ચતુર્ભુજ શાણા રે,
કોઇ ભણવાને આવજો.
સાતડો ઘુંટો તમે સદગુરૂ દેવનો,
આઠડો કૃષ્ણજી કાળા રે,
કોઇ ભણવાને આવજો.
નવડો ઘુંટો તમે સતસંગ ભગવાનનો રે
દશમે દિગપાળા રે,
કોઇ ભણવાને આવજો.

કવિ-અજ્ઞાત

## કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી

કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઇની બેની લાડકીને ભઇલો ઝુલાવે ડાળખી...
લીંબડીની આજ ડાળ ઝુલાવે, લીંબોળી ઝોલા ખાય,
હીંચકો નાનો બેનનો એવો, આમ ઝુલણ્યો જાય,
લીંલુડી લીંબડી હેઠે, બેનીબા હિંચકે હીંચે..........કોણ...
એ પંખીડા, પંખીડા, ઓરા આવો એ પંખીડા,
બેની મારી હીંચકે હીંચે, ડાળીઓ તું ઝુલાવ,
પંખીડા ડાળીએ બેસો, પોપટજી પ્રેમથી હીંચો......કોણ...
આજ હીંચોડુ બેનડી, તારા હેત કહ્યા ના જાય,
મીઠડો વાયુ આજ બેની તારા હીંચકે બેસી જાય
કોયલ ને મોરલા બોલે, બેની નો હીંચકો ડોલે.....
કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઇની બેની લાડકીને ભઇલો ઝુલાવે ... બેનડી જુલે ...ભઇલો ઝુલાવે ડાળખી.

– અવિનાશ વ્યાસ

## કોયલ કૂ કૂ ગાય, મને ગાવાનું મન થાય

કોયલ કૂ કૂ ગાય, મને ગાવાનું મન થાય
ગાવાનું હું શરૂ કરું ત્યાં, પપ્પા મારા ખીજાય
કોયલ કૂ કૂ ગાય

ચકલી ચણ ચણ ખાય, મને ખાવાનું મન થાય
ખાવાનું હું શરૂ કરું ત્યાં, મમ્મી મારી ખીજાય
કોયલ કૂ કૂ ગાય

ઉડતું પતંગિયું જોઈ, મને ઉડવાનું મન મન
ઉડવાનું હું શરૂ કરું ત્યાં, નીચે પડી જવાય
કોયલ કૂ કૂ ગાય

પથારીએ સુતાં , મને કઈ કઈ વિચાર થાય
સુવાનું હું શરૂ કરું ત્યાં, સપને સરી જવાય
કોયલ કૂ કૂ ગાય

## ખિલખિલાટ કરતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં

બોલ બોલ કરતાં દોડી દોડી રમતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં

મુખડાં મલકાવતાં સૌને હસાવતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં

થનગન નાચતાં આનંદે રાચતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં

નિશાળે જાતાં ગીત નવા ગાતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં

ખિલખિલાટ કરતાં કલબલાટ કરતાં

નાનેરા બાળ અમે સૌને ગમતાં
નાનેરા બાળ અમે સૌને ગમતાં

## ગણપતિદાદા મોરિયા

ગણપતિદાદા મોરિયા
ઘીમાં લાડુ ચોળિયા
ગણપતિદાદા મોરિયા
ઘીમાં લાડુ ચોળિયા
ગણપતિદાદા લાડુ જમે
એકવીસ  લાડુ પેટમાં રમે

ઉંદર ઉપર સવારી કરે
મલક આખામાં ફરતા ફરે
ઉંદર ઉપર સવારી કરે
મલક આખામાં ફરતા ફરે
ગણપતિદાદા મોરિયા
ઘીમાં લાડુ ચોળિયા
ગણપતિદાદા મોરિયા
ઘીમાં લાડુ ચોળિયા

## ગરબડિયો કોરાવો

ગરબડિયો કોરાવો
ગરબે જાળીડાં મેલાવો રે
હું ને પનોતી મારે
મારે અમીબહેન છે બેની જો

બેનબા ચાલ્યા સાસરે
એને ટીલી કરો લલાટ જો
આછી ટીલી ઝગેમગે ને
મારે ટોડલે ટહૂકે મોર જો

મોર વધાવ્યા મોતીડે ને
ઈંઢોણી મેલું રળતી જો
રળતી હોય તો રળવા દેજો
ને તેલનું ટીપં પડવા દેજો

ગરબડિયો કોરાવો
ગરબે જાળીડાં મેલાવો રે
હું ને પનોતી મારે
મારે બચુભાઈ છે વીરા જો

ભાઈ બેઠા જમવા
ભોજાઈએ ઓઢ્યા ચીર જો
ચીર ઉપર ચુંદડી ને
ચોખલિયાળી ભાત જો
ભાતે ભાતે ભડકલાં ને
વેલ ધડૂકી જાય જો

વેલમાં બેઠો વાણિયો કંઈ
કાગળ લખતો જાય જો
કાગળમાં બે પૂતળિયું તે
હસતી રમતી જાય જો

હસતી હોય તો હસવા દેજો
ને તેલનું ટીપું પડવા   દેજો
વાંકાનેરનો વાણિયો કંઈ
શેર કંકુ તોળે જો
શેર કંકુ તોળે ત્યારે
અચ્છેર હીંગોળ ઢોળે જો

અચ્છેર હીંગોળ ઢોળીને
માનાં ગરબા ગાય જો
ગાતો હોય તો ગાવા દેજો
ને તેલનું ટીપું પડવા દેજો
જે તેલ પૂરાવે એને તેલિયો દીકરો આવે ને
જે ઘી પૂરાવે એને ઘીયો દીકરો આવે !!

## ઘડીયાળ મારું નાનું

ઘડીયાળ મારું નાનું, તે ચાલે છાનું માનું
એ તો કેવી નવાઈ જેવી વાત છે
એ તો કેવી નવાઈ જેવી વાત છે

એને નથી પાંખ, પણ ચાલે ફટફટ
એ તો કેવી નવાઈ જેવી વાત છે
એ તો કેવી નવાઈ જેવી વાત છે

ખાવાનું નહિ માગે, પણ ચાવી આપે ચાલે
એ તો કેવી નવાઈ જેવી વાત છે
એ તો કેવી નવાઈ જેવી વાત છે

અંધારે અજવાળે, સૌના વખતને સંભાળે
એ તો કેવી નવાઈ જેવી વાત છે
એ તો કેવી નવાઈ જેવી વાત છે

દિવસ રાતે ચાલે, પણ થાક નહિ લાગે
એ તો કેવી નવાઈ જેવી વાત છે
એ તો કેવી નવાઈ જેવી વાત છે

ટક ટક કરતું બોલે, જરા ય નહિ થોભે
એ તો કેવી નવાઈ જેવી વાત છે
એ તો કેવી નવાઈ જેવી વાત છે

ઘડીયાળ મારું નાનું, તે ચાલે છાનું માનું
એ તો કેવી નવાઈ જેવી વાત છે
એ તો કેવી નવાઈ જેવી વાત છે

## ઘેરૈયા સૌ ચાલો હોળી આવી રે

ઘેરૈયા સૌ ચાલો હોળી આવી રે
મસ્તીમાં સૌ મહાલો હોળી આવી રે

ઘેરૈયા સૌ ચાલો હોળી આવી રે
મસ્તીમાં સૌ મહાલો હોળી આવી રે

ફાગણ આયો રંગ ભરીને
ચાંદ પૂનમનો ચમક્યો
ઢોલિડાનો ઢોલ ઘેરો
ઢમઢમ ઢમઢમ ઢમક્યો

ગીતો ગાઓ નાચો હોળી આવી રે
મસ્તીમાં સૌ મહાલો હોળી આવી રે

ઘેરૈયા સૌ ચાલો હોળી આવી રે
મસ્તીમાં સૌ મહાલો હોળી આવી રે

ખજૂર ટોપરાં ધાણી દાળીયા
ખાતાં સૌની સંગે
અબીલ ગુલાલ ઉડાળી રંગ્યું
આભ નવ નવ રંગે

રંગે રમવા ચાલો હોળી આવી રે
મસ્તીમાં સૌ મહાલો હોળી આવી રે

ઘેરૈયા સૌ ચાલો હોળી આવી રે
મસ્તીમાં સૌ મહાલો હોળી આવી રે

## ઘોઘા ઘોઘા ઘોઘ સલામ (૧)

ઘોઘા ઘોઘા ઘોઘ સલામ
નાથીબાઈના વીર સલામ

પહેરે પટોળાં ઓઢે ચીર
છોડે બંદૂક ભાલા તીર

ગોદડિયાને ગોળી વાગી
જાય ગોદડિયો નાઠો

ટોકરીનો ટમકાર, ઘૂઘરીનો ઘમકાર
આગલો ચોકીદાર, પાછલો બંદૂકદાર

અડી કડી સોનાની કડી
બામણ બેઠો ડેલી પડી

ડેલીમાં તો ડોલાડોલ
માંહી વાગે જાંગી ઢોલ

જાંગી ઢોલના આંકડા
સો ઘોડા વાંકડા

એક ઘોડો ઓછો
પાઘડિયો પોચો

પાઘડી ગઈ ઊડી
ઘોડો ગયો બૂડી

* * * * * *

## ઘોઘા ઘોઘા ઘોઘ સલામ (૨)

ઘોઘા ઘોઘા ઘોઘ સલામ
નાથીબાઈના વીર સલામ

તાવડીમાં ટેટો
જીવે તમારો બેટો
તાવડીમાં ઠીંકરી
જીવે તમારી દીકરી

દીકરી દીકરી દિવાળી
ટકાની ઘાઘરી સીવાડી
ટકો મૂક્યો ટોડલે
જમાઈ આવ્યો ઓટલે
લે જમાઈડા લેતો જા
ઢીંકા પાટું ખાતો જા

તેલ દે, ધૂપ દે, બાવાને બદામ દે
તેરા બચ્ચા જીતા રે

## ઘોડાગાડી રીક્ષા, રીક્ષામાં બેઠા બાળકો

ઘોડાગાડી રીક્ષા, રીક્ષામાં બેઠા બાળકો
ઓ વહાલા બાળકો, તમે નિશાળ વહેલા આવજો

નિશાળ તો દૂર છે ભણવાની જરૂર છે
એકડો તો આવડે છે પણ બગડાની જરૂર છે

ઓ વહાલા, એકડો તો આવડે છે પણ બગડાની જરૂર છે
ઓ વહાલા, બગડો તો આવડે છે પણ તગડાની જરૂર છે
ઓ વહાલા, તગડો તો આવડે છે પણ ચોગડાની જરૂર છે
ઓ વહાલા, ચોગડો તો આવડે છે પણ પાંચડાની જરૂર છે
ઓ વહાલા, પાંચડો તો આવડે છે પણ છગડાની જરૂર છે
ઓ વહાલા, છગડો તો આવડે છે પણ સાતડાની જરૂર છે
ઓ વહાલા, સાતડો તો આવડે છે પણ આઠડાની જરૂર છે
ઓ વહાલા, આઠડો તો આવડે છે પણ નવડાની જરૂર છે
ઓ વહાલા, નવડો તો આવડે છે પણ દસડાની જરૂર છે

ઓ વહાલા બાળકો, તમે નિશાળ વહેલા આવજો

## ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો

ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો (૨)
ઘાસ એ ખાય છે ને તાજો માજો થાય છે (૨)
દોડાવું તો દોડે છે ને થોભાવું તો થોભે છે (૨)
એના ઉપર બેસું ત્યારે લાગું હું મૂંછાળો
ઘૂઘરિયાળો (૨)

ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો (૨)
રંગે એ કાળો છે પણ દિલનો બહુ રૂપાળો છે (૨)
ચાબૂકનું શું કામ છે ને ચેતક એનું નામ છે (૨)
તડબડ તડબડ દોડે ત્યારે લાગે પાંખોવાળો
ઘૂઘરિયાળો (૨)

ઘોડો ઘૂઘરિયાળો મારો ઘોડો ઘૂઘરિયાળો (૨)

## ચકલી અને ફરર ફરર

ચકલી અને ફરર ફરર
એક ચકલી આવી ફરર
બીજી ચકલી આવી ફરર
ત્રીજી કહે : ચાલો, ચણીએ દાણા

ત્રીજી ચકલી આવી ફરર
ચોથી ચકલી આવી ફરર
કહે પાંચમી : ચાલો, ગાઇએ ગાણાં

પછી પાંચમી આવી ફરર
પછી છઠી આવી ફરર
કહે સાતમી : બેસો, મારીએ ગપાટા

પછી આઠમી ઊડી ફરર
પછી નવમી ઊડી ફરર
કહે દસમી : બધા આવજો … ટાટા

રમેશ પારેખ

## ચકલી બોલે ચીં ચીં

ચકલી બોલે ચીં ચીં
ટીપું પાણી પી પી

કાગડો બોલે કાં કાં
મોટે સાદે ગા ગા

કોયલ બોલે કૂ કૂ
હોલો બોલે ઘૂ ઘૂ

કુકડા કુકડા કૂકડે કૂક
ગાડી ચાલે છૂક છૂક

બકરી બોલે બેં બેં
આલો પાલો લે લે

મીની મીની મ્યાઉં મ્યાઉં
ઓરી આવ દૂધ પાઉં

ઉંદર મામા છૂ છૂ
સામે ઊભો હું છું

## [ચકીબેન ચકીબેન મારી સાથે રમવા આવશો કે નહિ]

ચકીબેન ચકીબેન
મારી સાથે રમવા આવશો કે નહિ, આવશો કે નહિ

બેસવાને ખાટલો, સુવાને પાટલો
ઓઢવાને પીંછાં આપીશ તને, આપીશ તને
ચકીબેન ચકીબેન

પહેરવાને સાડી, મોરપીંછાંવાળી
ઘમ્મરિયો ઘાઘરો આપીશ તને, આપીશ તને
ચકીબેન ચકીબેન

ચક ચક અવાજે ચીં ચીં કરજે
ચણવાને દાણા આપીશ તને, આપીશ તને
ચકીબેન ચકીબેન

બા નહિ લડશે, બાપુ નહિ લડશે
નાનો બાબો તને ઝાલશે નહિ, ઝાલશે નહિ
ચકીબેન ચકીબેન

## ચણ ચણ બગલી ચણાની દાળ

ચણ ચણ બગલી ચણાની દાળ
ઠેકો માર્યો ઠુમકદાર
શેરીએ શેરીએ ઝાંખા દીવા
આવ રે કાગડા કઢી પીવા

મારામાં કાંકરી ખૂંચે છે
મારામાં કાંકરી ખૂંચે છે

ગણ ગણ ગાંઠીયા તેલની પળી
ઊઠ રે લાલિયા ઝૂંપડી બળી
બળતી હોય તો બળવા દે ને
ઠરતી હોય તો ઠરવા દે
આવ રે કાગડા કઢી પીવા

મારામાં કાંકરી ખૂંચે છે
મારામાં કાંકરી ખૂંચે છે

*****

જમાલ ગોટો ધમ ધમ થાય
આડુ અવળું જૂએ એની તુંબડી રંગાય

## ચણો પહેલવાન

એક ચણો ખાડામાં પડ્યો
પથ્થર વાગ્યો તેથી રડ્યો
અંતે આંસુ ખૂટ્યાં સાવ
ખાડામાંથી બન્યું તળાવ

ચણો તળાવમાં પલળી ગયો
તેથી જબરો જાડો થયો
ફરફરતી મૂછ ઉગી એક
અને ચણાએ મારી ઠેક

તાવ ચડાવે મૂછે ચણો
મલક મલક મલકાતો ઘણો
પછી કહે કે હું બળવાન
ફૂંક મારું તો પડે વિમાન
વાઘ તો ઉંદર જેવો છે
સિંહ છછૂંદર જેવો છે
પહેલવાન હું પાકો છું
હાથીડાનો કાકો છું

એવાંમાં એક ચકલી ચીં
ફરફર કરતી આવી જી
રાજી રાજી ઘણી થઇ
ચકલી ચણો ચણી ગઇ

રમેશ પારેખ

## ચલ રે ઘોડા ચલ ચલ ચલ

ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ

ચલ રે ઘોડા ચલ ચલ
ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ

જાઉં મારે દૂર દૂર
ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ

ઝટઝટ ઝટઝટ ચાલજે
જલદી જલદી દોડજે
નદી ઝરણાં કૂદજે

ચલ રે ભાઈ ચલ રે ભાઈ, ચલ રે ભાઈ ચલ ચલ

ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ

ફરર ફરર આવે હવા
ઠંડી   ઠંડી   મીઠી હવા
સ્વારી કરવાની મજા

ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ

જાઉં મારે દૂર દૂર
ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ

ચલ રે ઘોડા ચલ ચલ
ચલ રે ઘોડા ચલ ચલ ચલ, ચલ રે ઘોડા ચલ ચલ ચલ

## ચાલો નિશાળે જઈએ ચાલો નિશાળે

ચાલો નિશાળે જઈએ ચાલો નિશાળે,
નિશાળમાં તો મજામજા ભાઈ મજામજા.

આવો માલવભાઈ ચાલો નિશાળે,
આવો રિદ્ધિબેન ચાલો નિશાળે,
એ સૌ આવ્યા એ ચાલ્યા.
ચાલો નિશાળે જઈએ ચાલો નિશાળે,
નિશાળમાં તો મજામજા ભાઈ મજામજા.

પ્રાર્થનામાં શાંતિ મળે,
બાલસભામાં બોલવા મળે,
એ સૌ શાંત એ બોલ્યા.
ચાલો નિશાળે જઈએ ચાલો નિશાળે,
નિશાળમાં તો મજામજા ભાઈ મજામજા.

ભણવાની તો આવે મજા,
રમવાની તો આવે મજા,
એ સૌ ભણ્યાં એ રમ્યાં.
ચાલો નિશાળે જઈએ ચાલો નિશાળે,
નિશાળમાં તો મજામજા ભાઈ મજામજા.

ભરત ચૌહાણ (ઓ-કાન્હા)

## ચાંદો સૂરજ રમતા'તા

અમે ચાંદો સૂરજ રમતા’તા, રમતાં રમતાં કોડી જડી
કોડીનાં મે ચીભડાં લીધાં, ચીભડે મને બી દીધાં

બી બધાં મે વાડમાં નાખ્યાં, વાડે મને વેલો આપ્યો
વેલો મેં ગાયને નીર્યો, ગાયે મને દૂધ આપ્યું

દૂધ મેં મોરને પાયું, મોરે મને પીછું આપ્યું
પીંછુ મેં બાદશાહને આપ્યું, બાદશાહે મને ઘોડો આપ્યો

ઘોડો મેં બાવળિયે બાંધ્યો, બાવળે મને શૂળ આપી
શૂળ મેં ટીંબે ખોસી, ટીંબે મને માટી આપી

માટી મેં કુંભારને આપી, કુંભારે મને ઘડો આપ્યો
ઘડો મેં કૂવાને આપ્યો, કૂવાએ મને પાણી આપ્યું

પાણી મેં છોડને પાયું, છોડે મને ફૂલ આપ્યાં
ફુલ મેં પૂજારીને આપ્યા, પૂજારીએ મને પ્રસાદ આપ્યો

પ્રસાદ મેં બાને આપ્યો, બાએ મને લાડવો આપ્યો
એ લાડવો હું ખાઈ ગ્યો, ને હું આવડો મોટો થઈ ગ્યો

## ચોકમાં દાણા નાખ્યા છે

આવો  પારેવા, આવોને ચકલાં
ચોકમાં દાણા નાખ્યા છે

આવો પોપટજી, મેનાને લાવજો
ચોકમાં દાણા નાખ્યા છે

આવોને કાબરબાઈ, કલબલ ન કરશો
ચોકમાં દાણા નાખ્યા છે

બંટી  ને બાજરો, ચોખા ને બાવટો
ચોકમાં દાણા નાખ્યા છે

ધોળી છે જાર ને, ઘઉં છે રાતડા
ચોકમાં દાણા નાખ્યા છે

નિરાંતે  ખાજો, નિરાંતે ખૂંદજો
ચોકમાં દાણા નાખ્યા છે

બિલ્લી નહિ આવે, કુત્તો નહિ આવે
ચોકમાં દાણા નાખ્યા છે

ચણ ચણ ચણજો, ને ચીં ચીં કરજો
ચોકમાં દાણા નાખ્યા છે

## ચોલી પહેરીને હું તો નિશાળે ગઈ ‘તી

ચોલી પહેરીને હું તો નિશાળે ગઈ ‘તી (૨)
ચોલી મારી ચલક ચલક થાય (૨)
બેની મારો લટકો જરા જરા જો જો

કંગન પહેરીને હું તો નિશાળે ગઈ ‘તી (૨)
કંગન મારા ખણણ ખણણ થાય (૨)
બેની મારો લટકો જરા જરા જો જો

નથણી પહેરીને હું તો નિશાળે ગઈ ‘તી (૨)
નથણી મારી ઝનન ઝનન થાય (૨)
બેની મારો લટકો જરા જરા જો જો

ઝાંઝર પહેરીને હું તો નિશાળે ગઈ ‘તી (૨)
ઝાંઝર મારી છણણ છણણ થાય (૨)
બેની મારો લટકો જરા જરા જો જો

## [છુક છુક ગાડી]

પાટા ઉપર ગાડી
દોડે દોટો કાઢી,
વાંકીચૂકી ઊભી આડી,
છુક છુક છુક છુક.

જંગલ આવે, ઝાડી આવે,
નદી ઝરણાંનાં નીર કુદાવે;
કાળી કાળી ચીસો પાડી,
મોટા ડુંગર ફાડી -
વાંકીચૂકી ઊભી આડી,
છુક છુક છુક છુક.

મુંબઇ આવેમ, વડોદરું
સુરત આવે, ગોધરું;
મમ્માજી મુંબઇ આવે,
પપ્પાજી ટપાલ લાવે;
પાટા ઉપર ગાડી ...

– અવિનાશ વ્યાસ

## છેટે છેટે ખોરડાં

છેટે છેટે ખોરડાં
વચ્ચે ઊંચા ઓરડાં
ઓરડાં ને ઓસરી
રૂપાળી રૂપાળી આજુબાજુ જાળી
જાળી પાસે ઝાડવા
તડકે છાયો પાડવા
ઓસરીથી હેઠા
લોઢાના બે લાટા
એનું નામ પાટા
*      *       *
સ્થિર છતાં પણ ચાલ્યા જાય
લાંબા લાંબા ચાલ્યા જાય
આમ જાય તેમ જાય
જવું હોય તો ગામ જાય
નદી હોય તો ટપી જાય
ડુંગર હોય તો ઓળંગી જાય
એના પર ગાડી
દોડે દા'ડી દા'ડી
આવે દોડતી કાળી
અરરરર માડી
કેટલી બધી જાડી
જાણે   કોઠી આડી
પૈડાં ઉપર પાડી
માથે મોટું ભૂંગળ બોલે

ભખ ભખ

ધુમાડો તો ધખ ધખ

ચળકે કાચ ચક ચક

ચાલી આવે સરરરર સટ

*         *         *

આવીને જ્યાં ઊભી રહે

ત્યાં માણસોના ટોળે ... ટોળાં

ચડે ને ઉતરે ... ચડે ને ઉતરે

વળી પાછો પાવો થાય

ભખ છૂક છૂક થાય

ગાડી ત્યાં તો ચાલી જાય

ગાડી ત્યાં તો ચાલી જાય

*         *         *

એ જાય એ જાય

એ જાય એ જાય

લાંબુ લાંબુ લંગર

ને જંગલમાં મંગલ

ફરતું ફરતું ચાલ્યું જાય

સાંભળ્યું તેં બહેન

એનું નામ ટ્રેન !

## જન્મદિવસ

આજે મોજ મજાનો દિવસ
આજે તારો જન્મ દિવસ

તંદુરસ્ત રહો તુજ તન
ઢગલાબંધ કમાઓ ધન
આનંદમાં રહો મન

ખૂબ જીવો સુખ ભોગવો
નામ કરો રોશન

આજે મોજ મજાનો દિવસ
આજે તારો જન્મ દિવસ

## ઝાડ નીચે બેઠા બચુભાઈ

ઝાડ નીચે બેઠા બચુભાઈ
લઈને વાડકીમાં મીઠું દહીં

ઊડતાં ઊડતાં આવ્યા કાગડાભાઈ
ઝાડ ઉપર બેઠા પૂરી ખાવા ભાઈ

બચુભાઈ ખાતા'તા લહેરથી દહીં
ત્યાં તો પૂરી નીચે પડી ગઈ

બચુભાઈ ગભરાયા બહુ ભાઈ
નાઠા એ તો વાડકો ફેંકી દઈ

કાગડાભાઈને તો મજા આવી ગઈ
ખાઈ ગયા બધું એ તો મીઠું દહીં

## [ડોશીમા ડોશીમા ક્યાં ચાલ્યાં ?]

ડોશીમા ડોશીમા ક્યાં ચાલ્યાં?
છાણાં વીણવા

છાણાંમાંથી શું જડ્યું?
રૂપિયો

રૂપિયાનું શું લીધું?
ગાંઠિયા

ખાય જે ગાંઠિયા ભાંગે તેના ટાંટિયા
ઊભો રે'જે મારા પિટીયા

## ઢિંગલી તારા માંડવા રોપ્યા, ઢોલ વાગે ઢમઢમ

ઢિંગલી તારા માંડવા રોપ્યા, ઢોલ વાગે ઢમઢમ
લાલિયો મહ્રાજ લાડવા વાળે, શાક કરે છમછમ
ઢિંગલી તારા માંડવા

ચાખવા મીનીબેન બેઠા'તા , જીભલડી ચમચમ
પમલો પેલો વાંદરો ફૂંકે, પિપૂડાં પમપમ
ઢિંગલી તારા માંડવા

જૂનાગઢથી જાન આવી છે, જાનડીઓ રૂમઝૂમ
દોડતાં પેહેલાં વેલડાં આવે, ઢોલ વાગે ઢમઢમ
ઢિંગલી તારા માંડવા

ઢિંગલીબાઈના પગમાં ઝાંઝર, ઘૂઘરીઓ ઘમઘમ
નાકમાં એને નથણી સોહે, કેવી રે ચમચમ
ઢિંગલી તારા માંડવા

ઢિંગલીબાઈ તો સાસરે જાશે, આંસુડાં ટમટમ
લાગશે કેવા ઘરને શેર, સુના રે સમસમ
ઢિંગલી તારા માંડવા

## ઢીંગલી મેં તો બનાવી મજાની

ઢીંગલી મેં તો બનાવી મજાની, ઢીંગલી મેં તો બનાવી મજાની,
તૈયાર એને હવે કરવાની,

એનું ઝભલું સીવડાવવા દરજી પાસે જાઉં,
દરજીભાઈ દરજીભાઈ ઝભલું સીવી દો,
લાલ પીળા ઓઢણામાં આભલા જડી દો,

એના ઝાંઝર બનાવવા સોની પાસે જાઉં,
સોનીભાઈ સોનીભાઈ ઝાંઝર બનાવી દો,
મોતીની માળા ને બંગડી ઘડી દો,

એની મોજડી સીવડાવવા મોચી પાસે જાઉં,
મોચીભાઈ મોચીભાઈ મોજડી સીવી દો,
લાલ લાલ મખમલની મોજડી સીવી દો,

એને સુંદર બનાવવા મમ્મી પાસે જાઉં,
મમ્મી મમ્મી પાવડર લગાવી દો,
આંખે આંજળ, ગાલે લાલી લગાવી દો,

એનો ગજરો ગૂંથાવવા માળી પાસે જાઉં,
માળીદાદા માળીદાદા ગજરો બનાવી દો,
મોગરા ગુલાબનો ગજરો બનાવી દો,

એને હોંશિયાર બનાવવા બેન પાસે જાઉં,
બેન ઓ બેન એને લખતાં શિખવાડી દો,
એક બે ત્રણ ચાર ગણતા શિખવાડી દો,

## ઢીંગલીને મારી હાલાં

હાલાં હાલાં હાલાં રે
ઢીંગલીને મારી હાલાં
વાદળનું તો પારણું બાંધ્યું
ને તારાની હીંચકા દોરી
ચાંદામામા લાડ લડાવે
પરી રાણી કરે લોરી

હાલાં હાલાં હાલાં રે
ઢીંગલીને મારી હાલાં

સૂઈ જા ઓ મારી ઢીંગલી બેના
રાત હવે પડવાની
નાની નાની આંખો મીચી
નીંદરડી જો મજાની

હાલાં હાલાં હાલાં રે
ઢીંગલીને મારી હાલાં

નીંદરડીએ પોઢીને તમે
પવન પાંખે ઊડજો
પંખીઓના મીઠાં મીઠાં
ગીતો તમે સૂણજો

હાલાં હાલાં હાલાં રે
ઢીંગલીને મારી હાલાં

## તને ચકલી બોલાવે

તને ચકલી બોલાવે
તને પોપટ બોલાવે તને
બોલાવે કુતરું કાળું
ઓલી વાંકી પૂછડીવાળું
ઓલી વાંકી પૂછડીવાળું

નાના નાના ચાર ગલુડિયાં
આવે છાના માના
એક હતું ધોળું
બીજું હતું કાળું
ત્રીજું રંગે લાલ
ને ચોથું ધાબાવાળું

તને ચકલી બોલાવે
તને પોપટ બોલાવે તને
બોલાવે કુતરું કાળું
ઓલી વાંકી પૂછડીવાળું
ઓલી વાંકી પૂછડીવાળું

દડબડ દડબડ દોડી આવે
ભૂલકાઓનું ટોળું
એક કહે આ મારું
બીજો કહે આ મારું
ત્રીજો રમાડે રૂપાળું
ને સૌને હુ પંપાળું

તને ચકલી બોલાવે
તને પોપટ બોલાવે તને
બોલાવે કુતરું કાળું
ઓલી વાંકી પૂછડીવાળું
ઓલી વાંકી પૂછડીવાળું

## તારા ધીમા ધીમા આવો

તારા ધીમા ધીમા આવો
તારા રમવાને આવો

તારા રૂપા ગેડી લાવો
તારા સંભાળીને આવો

તારા ધીમા ધીમા આવો
તારા ધીમા ધીમા આવો

તારા એક તારા એક
તારા એકે એકે આવો

તારા છાના માના આવો
તારા ધીમા ધીમા આવો

તારા સામા સામા આવો
તારા ચાંદાને લઈ આવો

તારા ધીમા ધીમા આવો
તારા રમવાને આવો

તારા શીતળ વાયુ લાવો
તારા ધીમા ધીમા આવો

તારા ધીમા ધીમા આવો
તારા રમવાને આવો

## થમ થમ થમ થમ્પો દેતા

થમ થમ થમ થમ્પો દેતા ગરબે રમિયે
થમ થમ થમ થમ્પો દેતા ગરબે રમિયે

નીચા વળીને તાળી દઈએ
થમ થમ થમ થમ્પો દેતા ગરબે રમિયે

ઘમ્મરિયો ઘાઘરો ને રેશમની ચોળી
ઘમ્મરિયો ઘાઘરો ને રેશમની ચોળી

ઓઢણી ઓઢીને અમે ગરબે રમિયે
થમ થમ થમ થમ્પો દેતા ગરબે રમિયે

નાનકડાં હાથમાં નાનકડી બંગડી
નાનકડાં હાથમાં નાનકડી બંગડી

ઝાંઝર પહેરીને તે અમે ગરબે રમિયે
થમ થમ થમ થમ્પો દેતા ગરબે રમિયે

સોનાનો ગરબો ને રૂપલા ઈંઢોણી
સોનાનો ગરબો ને રૂપલા ઈંઢોણી

માથે મૂકીને અમે ગરબે રમિયે
થમ થમ થમ થમ્પો દેતા ગરબે રમિયે

નીચા વળીને તાળી દઈએ
થમ થમ થમ થમ્પો દેતા ગરબે રમિયે

થમ થમ થમ થમ્પો દેતા ગરબે રમિયે
થમ થમ થમ થમ્પો દેતા ગરબે રમિયે

## દાદાનો ડંગોરો

દાદાનો ડંગોરો લીધો
એનો તો મેં ઘોડો કીધો

ઘોડો કૂદે ઝમઝમ
ઘૂઘરી વાગે ઘમઘમ
ધરતી ધ્રુજે ધમ ધમ

ધમધમ ધરતી થાતી જાય
મારો ઘોડો કૂદતો જાય

કૂદતાં કૂદતાં આવે કોટ
કોટ કૂદીને મૂકે દોટ

સહુના મનને મોહી રહ્યો
એક ઝવેરી જોઈ રહ્યો

ઝવેરીએ તો હીરો દીધો
હીરો મેં રાજાને દીધો

રાજાએ ઉતાર્યો તાજ
આપ્યું મને આખું રાજ

રાજ મેં રૈયતને દીધું
મોજ કરી ખાધું પીધું

-ત્રિભુવનદાસ ગૌરીશંકર વ્યાસ

## દીકરીના દેશમાં આવજો હો દાદા

દીકરીના દેશમાં આવજો હો દાદા,
દીકરીના વેશ તમે જોજો હો દાદા............દીકરીના દેશમાં

નાના હતા ત્યારે આંગણામાં રમતાં,
હૈયાના હીંચકે અમને ઝૂલાવતાં.............દીકરીના દેશમાં

ઠેસ વાગે ને અમે પડી રે જાતાં,
દોડીને તમે કેવા પાસે રે આવતાં............દીકરીના દેશમાં

રિસાઈને ત્યારે અમે ચાલ્યા રે જાતાં,
પકડીને તમે અમને ખોળામાં બેસાડતાં.....દીકરીના દેશમાં

તમારી પાસે અમે નીતનવું માંગતા,
ગમે ત્યાંથી તમે ઝટ લઈ આવતાં............દીકરીના દેશમાં

માંગણી અમારી તમે પૂરી રે કરતાં,
આનંદથી આપણે સૌ ઝૂમી રે ઊઠતાં........દીકરીના દેશમાં

દીકરીના દેશમાં આવજો હો દાદા,
દીકરીના વેશ તમે જોજો હો દાદા............દીકરીના દેશમાં

ભરત ચૌહાણ (ઓ-કાન્હા)

## દોડો રે દોડો ભાઈ

દોડો રે દોડો ભાઈ દોડો રે દોડો
દોડો રે દોડો ભાઈ દોડો રે દોડો

ધૂળ ઉપર ભેગા મળી દોડો રે દોડો

નાચો રે નાચો ભાઈ નાચો રે નાચો
તાતા તાતા થૈ થૈ નાચો રે નાચો

હસો રે હસો ભાઈ હસો રે હસો
હા હા હી હી હસો રે હસો

દોડો રે દોડો ભાઈ દોડો રે દોડો
બેસો રે બેસો ભાઈ બેસો રે બેસો

જમો રે જમો ભાઈ જમો રે જમો
શ્રીખંડ પૂરી ને પાતરા જમો રે જમો

ગાઓ રે ગાઓ ભાઈ ગાઓ રે ગાઓ

રઘુપતિ રાઘવ રાજા રામ
પતિતપાવન સીતા રામ

ઊંઘો રે ઊંઘો ભાઈ ઊંઘો રે ઊંઘો...

## નમિયે તુજને વારંવાર

પરોઢિયે પંખી જાગીને ગાતાં મીઠાં તારાં ગાન
પરોઢિયે મંદિર મસ્જિદમાં ધરતાં લોકો તારું ધ્યાન

તું ધરતીમાં તું છે નભમાં સાગર મહી વસે છે તું
ચાંદા સૂરજમાંયે તું છે ફુલો મહી હસે છે તું

ફરતાં ફરતાં કે નીંદરમાં રાતે દિવસે સાંજ સવાર
તારો અમને સાથ સદાયે તું છે સૌનો રક્ષણહાર

દેવ બનાવી  દુનિયા છે તેં તારો છે સૌને આધાર
તું છે સૌનો સૌ તારાં છે નમીએ તુજને વારંવાર

– સ્નેહરશ્મિ

## નાના નાના સૈનિક

કૂચ કરતાં ચાલ્યાં જાય
નાના નાના સૈનિક
કદમ મિલાવી બઢતા જાય
નાના નાના સૈનિક

કદમ મિલાવી બોલતાં જાય
જય હિન્દ જય હિન્દ
કૂચ કરતાં ચાલ્યાં જાય
નાના નાના સૈનિક

ટેન્ક સૌથી આગળ ચાલે
ઢમઢમ બેન્ડ વાગે
લેફ્ટ રાઈટ લેફ્ટ રાઈટ લેફ્ટ
લેફ્ટ રાઈટ કરતાં જાય
નાના નાના સૈનિક

કૂચ કરતાં ચાલ્યાં જાય
નાના નાના સૈનિક
ફૂમતાવાળી કેપ પહેરી
ટોપા બૂટ મોજા પહેરી
ગીતો ગાતાં ચાલ્યા જાય
નાના નાના સૈનિક

કૂચ કરતાં ચાલ્યાં જાય
નાના નાના સૈનિક
ખાડા ટેકરાં કૂદનારા

હિમ્મતથી આગળ વધનારા
જંગલ પહાડો ભમતા જાય
નાના નાના સૈનિક

કૂચ કરતાં ચાલ્યાં જાય
નાના નાના સૈનિક
કદમ મિલાવી બઢતા જાય
નાના નાના સૈનિક

કદમ મિલાવી બોલતાં જાય
જય હિન્દ જય હિન્દ
કૂચ કરતાં ચાલ્યાં જાય
નાના નાના સૈનિક

## નાના સસલાં

ટીકટીક ટીકટીક ચાલે સસલાં
વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં

કૂણાં તરણાં ખાતાં રે
દોડી દોડી  જાતાં રે
ડગમગ ડગમગ જોતાં રે કેવાં સસલાં
વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં

ટીકટીક ટીકટીક ચાલે સસલાં
વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં

રેશમ જેવા સુંવાળા
ગોરા ગોરા રૂપાળા
ધીમે કૂદકાં મારે રે નાના સસલાં
વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં

ટીકટીક ટીકટીક ચાલે સસલાં
વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં

ધીંગામસ્તી કરતાં રે
બાથંબાથી કરતાં રે
રમ્મત ગમ્મત કરતાં રે નાના સસલાં
વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં

ટીકટીક ટીકટીક ચાલે સસલાં
વ્હાલાં વ્હાલાં લાગે એ તો નાના સસલાં

## નાની મારી આંખ

નાની મારી આંખ
એ જોતી કાંક કાંક
એ તે કેવી અજબ જેવી વાત છે

નાના મારા કાન
એ સાંભળે મીઠા ગાન
એ તે કેવી અજબ જેવી વાત છે

નાક મારું નાનું
એ સુંઘે ફૂલ મજાનું
એ તે કેવી અજબ જેવી વાત છે

નાની મારી જીભ
એ માણે પીપરમીન્ટ
એ તે કેવી અજબ જેવી વાત છે

નાના મારા હાથ
એ તાળી પાડે સાથ
એ તે કેવી અજબ જેવી વાત છે

નાના મારા પગ
એ જલદી ભરે ડગ
એ તે કેવી અજબ જેવી વાત છે

## નામ મારું છે ખુશી, ખુશી ખુશી હું બોલું

નામ મારું છે ખુશી, ખુશી ખુશી હું બોલું
એક બે ત્રણ વદું તો, બા દાદાને લાગે વાહલું
વન ટુ થ્રી કહું તો,મમ્મી પપ્પાને હસતા ભાળું
ખુશી ખુશી હું બોલું
બા દાદા કહે વારતા, શિયાળ કાગડો પુરી
મોમ કહે હોલ્ડ માય હેન્ડ નહીં તો પડશે ભૂલી
રમતાં રમતાં ઊંઘું,ઊંઘમાં હસું થોડું થોડું
ખુશી ખુશી હું બોલું
બા બનાવે મારા માટે રોજ રોટલી શાક
મોમ ડેડી સાથે ભાવે મુજને પ્યારા પિત્ઝા ને કોક
ખાઉં થોડું બગાડું ઝાઝું,તોય વહાલ કરે રૂપાળું
ખુશી ખુશી હું બોલું
બા કહે ફ્રોક પહેરી ,તું મજાની ઢીંગલી જેવી લાગું
શોર્ટ ટી ~શર્ટ પહેરી, મમ્મી સાથે હાઈ ફાઈ માં ભાગું
રોજ રોજ નાવલી વાતું, હસતી રમતી માણું
ખુશી ખુશી હું બોલું
બા ગવડાવે માના ગરબા, દાદા શીખવે હાથ જોડીને રામ
મમ્મી પપ્પા ઊપડે કામે, બોલાવી બાય બાયના જાપ
હસી હસી હું રમું ભમું,થાકી દાદા પાસે દોડું
ખુશી ખુશી હું બોલું
વાત કહી મેં મારી છાની ,બોલો તમને કેવી હું લાગું
નામ મારું છે ખુશી, ખુશી ખુશી હું બોલું

રમેશ પટેલ(આકાશદીપ)

## પપ્પા અમને આજ લઈ જાઓ,જોવા દરિયે હોડી

દરિયા દેવ..

પપ્પા અમને આજ લઈ જાઓ,જોવા દરિયે હોડી
સાગર તટે રેતી પટે, આજ કરવી છે ઉજાણી
ભોળી જાનુ ભોળી આંખે ભાળે દૂરદૂર પાણી
કિનારે ઊભા છબછબ કરતાં,કૂદાકૂદી કરે મજાની
માછલી ઘરની મજા માણીએ , આવો મારી સાથે
નાની મોટી માછલીઓ દીઠી રમતો કરતી સંગે
સલોની કહે માછલીઓ તો એવી ભાગે,જાણે ચઢી છે જંગે
હે ભગવાન! પાણીમાં બેસી તું સૌને કેવી રીતે રંગે
રાતી પીળી લાલભૂરી ,માછલીઓના મનગમતા છે રંગ
ખુશી કહે ખુશી ખુશી જોયા કરીએ એવા તેમના ઢંગ
રમતાં રમતાં રેતીમાંથી આદીને મળિયો મોટો શંખ
શંખ વગાડી આદીના ગાલના રાતા થઈ ગયા રંગ
સંધ્યાકાળે હોડીમાં અમે દરિયે ઘૂમવા નીકળ્યાં
અફાટ સાગરે પવન સપાટે, મો જાં સાથે ડોલ્યા
શંખ છીપલાં કોડાકોડીની ભરી રોહને મોટી ઝોળી
હસતાં રમતાં મજા માણી, ઘેર આવી અમારી ટોળી

- રમેશ પટેલ(આકાશદીપ)

## પરી રાણી તમે આવો

પરી રાણી તમે આવો રે
પરી રાણી તમે આવો રે
ઊડતાં ઊડતાં દેશ તમારે
મુજને પણ લઈ જાઓ રે

પરી રાણી તમે આવો રે

પરીના દેશમાં રંગબેરંગી
ફૂલોની ફૂલવાડી રે
પતંગીયા તો રંગબેરંગી
રમતાં સાતતાળી રે

એમની સાથે રમવાને તમે
મુજને પણ લઈ જાઓ રે
પરી રાણી તમે આવો રે

સોનેરી પંખીઓ ગાતાં
દૂધની નદીઓ વહેતી રે
હંસ હંસલીની જોડી ત્યાં
મોતી ચારો ચરતી રે

પંખીઓના ગીતો સુણવા
મુજને પણ લઈ જાઓ રે
પરી રાણી તમે આવો રે

## પાપા પગલી ધૂળની ઢગલી

પાપા પગલી

પાપા પગલી ધૂળની ઢગલી
ઢગલીમાં ઢેલ જીવે મારી બેન

પાપા પડિયા થોડુંક રડ્યાં
રડતાં રડતાં આંસુડાં ખર્યાં

પાપા પોળી ઘીમાં ઝબોળી
ચોળીને ખાજો તાજામાજા થાજો

તાજામાજા થાજો
તાજામાજા થાજો

## પિપૂડીવાળાનો પેલો તનમનિયો

પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો

ચોરી ગયો એ તો કેરીનો કરંડિયો
કેરી ખવાય છે, ગોટલા ફેંકાય છે,
ચોરી પકડાય છે, ડંડા મરાય છે
તનમાંને મનમાં તનમનિયો મૂંઝાય છે
પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો

ચોરી ગયો એ તો કેળાંનો કરંડિયો
કેળાં ખવાય છે, છોતરાં ફેંકાય છે,
ચોરી પકડાય છે, ડંડા મરાય છે
તનમાંને મનમાં તનમનિયો મૂંઝાય છે
પિપૂડીવાળાનો પેલો તનમનિયો, પેલો તનમનિયો

## પીં પીં સીટી વાગી

પીંપીં    પીંપીં સીટી વાગી
છૂક છૂક ગાડી આવી

ટિકિટ કપાવો બેસી જાઓ
નહિતર    ઉપડી જાય

ટન ટન ટન ટન ડંકા વાગે
સૂતેલા ઝબકીને જાગે
ધજા બતાવો સિગ્નલ આપો
લાઈન ક્લિઅર કહેવાય

લાંબે લાંબે પાટે સરતી
પુલ અને પહાડો પર ચઢતી
સ્ટેશન કરતી પાણી ભરતી
સીધી દોડી જાય
વેગે    દોડી જાય
વેગે    દોડી જાય

દોડે તોયે એ ના થાકે
હરદમ બઢતી આગે આગે
શિખવે એ તો કદમ બઢાવો
સ્ટેશન પહોંચી જાય

પીંપીં    પીંપીં સીટી વાગી
છૂક છૂક ગાડી આવી

## પેલા ચકલીબાઈ એ માળા બાંધ્યા ઢંગા વગરના

પેલા ચકલીબાઈ એ માળા બાંધ્યા ઢંગા વગરના
પેલા દરજીડાને સુગરીબાઈના કેવા મજાના
પેલા ચકલીબાઈ એ

ઝાડે ખિસકોલીએ માળા બાંધ્યા રૂ ના રેસાના
કાબર કબૂતરને ઘૂવડ વળી કાગડા કોયલના
પેલા ચકલીબાઈ એ

પેલા ઉંદરભાઈએ દર ખોદ્યા કેવા મજાના
સાપે પેસી જઈને રાફડા કર્યા હક વગરના
પેલા ચકલીબાઈ એ

કીડી મકોડીએ દરના કર્યા નગર મજાના
પેલા વાંદરાભાઈ તો રખડ્યા કરે ઘર વગરના
પેલા ચકલીબાઈ એ

## [પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે]

સાદ કરે છે

પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે,
સાદ કરે છે, સાદ કરે છે,
પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે.
પેલા વનની વનરાઈ તમને સાદ કરે છે,
પેલા વનની વનલતા તમને સાદ કરે છે,
સાદ કરે છે, સાદ કરે છે,
પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે.
પેલા વડની વડવાઈ તમને સાદ કરે છે,
પેલા પીપળના પાન તમને સાદ કરે છે,
સાદ કરે છે, સાદ કરે છે,
પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે.
પેલા મોરના ટહુકા તમને સાદ કરે છે,
પેલી કોયલનું કૂજન તમને સાદ કરે છે,
સાદ કરે છે, સાદ કરે છે,
પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે.
પેલા ગાયોના ગોવાળ તમને સાદ કરે છે,
પેલો વડભેરુ રમવા તમને સાદ કરે છે,
સાદ કરે છે, સાદ કરે છે,
પેલા વનવગડાના મારગ તમને સાદ કરે છે.

ભરત ચૌહાણ (ઓ-કાન્હા)

## પોપટ મીઠું બોલે

મારા આંગણામાં પોપટ મીઠું બોલે
સીતા રામ સીતા રામ   ધીમું બોલે

ગળે કાળો છે કાંઠલો ને લીલો લીલો રંગ
એની વાંકી   ચાંચલડીનો લાલ લાલ રંગ

એ તો   હીંચકે બેસીને   ઝૂલા ઝૂલે
સીતા રામ સીતા રામ   ધીમું બોલે

મારા આંગણામાં પોપટ મીઠું બોલે
સીતા રામ સીતા રામ   ધીમું બોલે

એને પેરુ ભાવે ને લીલા મરચાં એ ખાય
એને ખાતો   જોઈને   મારું મનડું હરખાય

એ તો મસ્તીમાં આવી   થૈ થૈ ડોલે
સીતા રામ સીતા રામ   ધીમું બોલે

મારા આંગણામાં પોપટ મીઠું બોલે
સીતા રામ સીતા રામ   ધીમું બોલે

## બટુકભાઈ કેવડા હતા રે

બટુકભાઈ કેવડા હતા રે (૨)
બટુકભાઈ આવડા હતા રે (૨)

બટુકભાઈ કેમ કરી પાણી પીતા'તા
બટુકભાઈ ઘટર ઘટર,
બટુકભાઈ ઘટર ઘટર પાણી પીતા'તા ... બટુકભાઈ

બટુકભાઈ કેમ કરી ખાણું ખાતા'તા
બટુકભાઈ ભચડ ભચડ,
બટુકભાઈ ભચડ ભચડ ખાણું ખાતા'તા... બટુકભાઈ

બટુકભાઈ કેમ કરી કચરો કાઢતા'તા
બટુકભાઈ આમ કરી,
બટુકભાઈ આમ કરી કચરો કાઢતા'તા... બટુકભાઈ

બટુકભાઈ કેમ કરી કપડાં ધોતા'તા
બટુકભાઈ આમ કરી,
બટુકભાઈ આમ કરી કપડાં ધોતા'તા... બટુકભાઈ

## બની પતંગ ઉડુ આકાશમા

બની પતંગ ઉડુ આકાશમા,
મા, મારો દોર જાલ તુ.

વાદળ સાથે વાતો કરુ,
દૂર દૂર આકાશમા નિહાળ તુ.

રંગ બેરંગી ઉડતા પંતગો,
સાથ વાતો કરતા જો તુ.

દિવસભર ઉડુ આભમા,
સાંજ પડે, ધીરે ધીરે ઉતાર તુ.

- વિશ્વદીપ બારડ

## બા પેલા બાગમાં દોડી દોડી જાઉં

બા પેલા બાગમાં દોડી દોડી જાઉં (૨)
નાના છોડવાને પાણી પાઉં પાઉં પાઉં
બા પેલા બાગમાં

આંબાની ડાળે ટહુકે કોયલડી (૨)
કોયલની સાથી ગાઉં ગાઉં ગાઉં
બા પેલા બાગમાં

વડલાની ડાળે બાંધ્યો છે હિંચકો (૨)
હિંચકે હિંચકા ખાઉં ખાઉં ખાઉં
બા પેલા બાગમાં

છોડવે છોડવે ઊડે પતંગિયા (૨)
હું તો એને પકડવા જાઉં જાઉં જાઉં
બા પેલા બાગમાં

હરિયાળી બાગમાં નાચે છે મોરલો (૨)
મોરલો બોલે મેં આઉં આઉં આઉં
બા પેલા બાગમાં

## બાર મહિના

કારતકમાં ટાઢ આવી
માગશરમાં જામી

પોષ મહિને પતંગ લઈને
ટાઢને ભગાડી

મહા મહિને વસંતપંચમી
ઊડે રંગ ગુલાલ

ફાગણ મહિને હોળી આવી
રંગ ગુલાબી લાલ

ચૈત્ર મહિનો ગરમી લાવ્યો
વેકેશન વૈશાખ

જેઠ મહિને ગિલ્લી દંડા
રમતા લાગે થાક

અષાઢ મહિને આંધી સાથે
વાદળ વરસે ઝાઝા

શ્રાવણ મહિને સરવર છલકે
શાક ભાજી તાજા

ભાદરવામાં ભીંડાનું શાક
લોકો હોંશે ખાય

આસો મહિને દિવાળી
ફટાકડાં ફોડાય

## બાળની મસ્તી મને ગમે છે

બાળની મસ્તી મને ગમે છે,
નિર્દોષ એની ગમત મને ગમેછે..બાળની મસ્તી...

લડે-ઝગડે ફરી ભેગા મળે,
દાવપેચ વગરની વાત મને ગમે છે..બાળની મસ્તી...

હસીને હસાવે,રડી મા ને રડાવે,
બાળનો નિખાલસ ચહેરો મને ગમે છે..બાળની મસ્તી...

મા ની ગોદમા ખેલતુ સુંદર બાળ,
આવું રમણિય દ્રશ્ય મને ગમે છે...બાળની મસ્તી...

પા પા પગલું ભરી રમતુ બાળ,
પડીને ઊભુ થતું બાળ મને ગમેછે..બાળની મસ્તી...

કાલા ઘેલા બોલ બોલતું સતત,
મા ને સમજાવતુ બાળ મને ગમે છે..બાળની મસ્તી...

બાળ સાથે બાળક બની રમવુ ગમે,
ખુદ હારીને ખુશ થાવુ મને ગમે છે..બાળની મસ્તી...

- વિશ્વદીપ બારડ

## બિલાડીનું નાનું બચ્ચું મેળો જોવા જાય

બિલાડીનું નાનું બચ્ચું મેળો જોવા જાય
બસ રીક્ષામાં ચક્કર આવે, ચાલતાં ચાલતાં જાય
બિલાડીનું નાનું બચ્ચું

ચહેરા પર એ હિંમત રાખે, પણ મનમાં મુંજાય
રસ્તાની એ ડાબે ચાલે, હળવે હળવે જાય
બિલાડીનું નાનું બચ્ચું

કૂતરાભાઈ તો (હા ઉં હા ઉં) ટ્રાફિક પોલિસ
તરત સમજી જાય
સીટી મારે હાથ બતાવે, ટ્રાફિક થોભી જાય
બિલાડીનું નાનું બચ્ચું

મેળામાં તો સ્ટોલ ઘણાં છે, ખાવા મન લલચાય
મમ્મીનું એ યાદ આવ્યું કે, બહારનું ના ખવાય
બિલાડીનું નાનું બચ્ચું

## બિલ્લીમાસી ઘરમાં ઘૂસી

બિલ્લીમાસી ઘરમાં ઘૂસી
ગુપચુપ ગુપચુપ ચાલે જી
રસોડામાં ફરતાં ફરતાં
ઘી દૂધ ચાટે જી

કાળું કાળું ગલુડિયું
વાઉં-વાઉં વાઉં-વાઉં કરતું
દૂધ પીવા આપું તો
પટ પટ પૂંછડી કરતું

કાળી કાળી ભેંસ છું
ઘાસ ખૂબ ખાઉં છું
મીઠું મીઠું દૂધ આપું
સૌને તાજા રાખું છું

તબડક તબડક દોડું છું
ઘોડો મારું નામ
ચણા ઘાસ આપો તો
લઈ જાઉં તમારે ગામ

વાંદરાભાઈ વાંદરાભાઈ
ઊંચી ડાળે હીંચકા ખાય
મીઠાં મીઠાં જાંબુ ખાતાં
હૂપ હૂપ કરતાં જાય

દેડકાભાઈ દેડકાભાઈ
પાણીમાં તો રહો છો
ડ્રાઉં ડ્રાઉં કરો છો
લાંબો કૂદકો મારો છો

## બેનીને ઝબલે રૂપાળા મોર

બેનીને ઝબલે રૂપાળા મોર છે
બેની મારી મારા કાળજાની કોર છે

બેની મેડીએ રમે
બેની માડીને ગમે

બેની ફળીયે રમે
બેની ફઈને ગમે

બેની મેદાને રમે
બેની ભાઈને ગમે

બેની સૈયરુંમાં રમે
બેની સૈયરુંને ગમે

બેની શેરીમાં રમે
બેની સૌને ગમે

બેનીને ઝબલે રૂપાળા મોર છે
બેની મારી મારા કાળજાની કોર છે

## ભઈલો મારો ડાહ્યો

હાલા રે વાલા મારા ભઈલાને
હાં...હાં...હાં...હાં
ભઈલો મારો ડાહ્યો
પાટલે બેસી નાહ્યો
પાટલો ગયો ખસી
ભઈલો પડ્યો હસી
હાલા રે વાલા મારા ભઈલાને
હાં...હાં...હાં...હાં
ભાઈ મારો છે સાગનો સોટો
આવતી વહુનો ચોટલો મોટો
ભાઈ મારો છે વણઝારો
એને શેર સોનું લઈ શણગારો
હાલા રે વાલા મારા ભઈલાને
હાં...હાં...હાં...હાં
હાલા રે વાલા મારી બેનડીને
હાં...હાં...હાં...હાં
બેની મારી છે ડાહી
પાટલે બેસીને નાહી
પાટલો ગયો ખસી
બેની પડી હસી
હાલા રે વાલા મારી બેનડીને
હાં...હાં...હાં...હાં
બેની મારી છે લાડકી
લાવો સાકર ઘીની વાડકી
ખાશે સાકર ઘી મારી બેની
ચાટશે વાડકી મિયાંઉમીની
હાલા રે વાલા મારી બેનડીને
હાં...હાં...હાં...હ

## ભાઇ

...હાલ્ય વાલ્ય ને હુવા,
લાડવા લાવે રે ભાઇના ફુવા ;
ફુવાના શા છે ફોક,
લાડવા લાવશે ગામનાં લોક ;
લોકની શી પેર,
લાડવા કરશું આપણે ઘેર ;
ઘરમાં નથી ઘી ને ગોળ,
લાડવા કરશું રે પોર ;
પોરનાં ટાણાં વયાં જાય -
ત્યાં તો ભાઇ રે મોટો થાય !...
ભાઇને ઘેરે ગાડી ને ઘોડાં,
ઘોડાંની પડઘી વાગે,
ભાઇ મારો નીંદરમાંથી જાગે ;
ઘોડાં ખાશે રે ગોળ,
ભાઇને ઘેર હાથીની રે જોડ !...
ભાઇ ભાઇ હું રે કરૂં,
ભાઇ વાંસે ભૂલી ફરૂં ;
ભાઇને કોઇએ દીઠો,
ફૂલની વાડમાં જઇ પેઠો ;
ફૂલની વાડી વેડાવો,
ભાઇને ઘેરે રે તેડાવો !...

–ઝવેરચંદ મેઘાણી

## ભાઈ બહેનની જોડી

ભાઈ બહેનની જોડી
કરતી દોડાદોડી
ભાઈ બહેનની જોડી
કરતી દોડાદોડી

એક છે હલેસું
ને એક છે હોડી

ભાઈ બહેનની જોડી
કરતી દોડાદોડી

અહીં જાય તહીં જાય
દૂધ પીએ દહીં ખાય

દહીંની છાશ થઈ
ભાઈબહેનને હાશ થઈ
છાશમાં છે માખણ
ભાઈ દોઢ ડહાપણ

એકમેકને ચીડવવાનો
બન્નેને ચસકો
બહેન પીએ લસ્સી
ને ભાઈ માંગે મસ્કો

ભાઈ બહેનની જોડી
કરતી દોડાદોડી

## મજાની ખિસકોલી

તું અહીંયાં રમવા આવ મજાની ખિસકોલી
તું દોડ તને દઉં દાવ મજાની ખિસકોલી

તું કેવી હસે ને રમે મજાની ખિસકોલી
તારા કૂદકા તો બહુ ગમે મજાની ખિસકોલી

તું જ્યારે ખિલખિલ ગાય મજાની ખિસકોલી
તારી પૂંછડી ઊંચી થાય મજાની ખિસકોલી

તારે અંગે સુંદર પટા મજાની ખિસકોલી
તારી ખાવાની શી છટા મજાની ખિસકોલી

તું ઝાડે ઝાડે ચડે મજાની ખિસકોલી
કહે કેવી મઝા ત્યાં પડે મજાની ખિસકોલી

બહુ ચંચળ તારી જાત મજાની ખિસકોલી
તું ઉંદરભાઈની નાત મજાની ખિસકોલી

તું અહીંયાં રમવા આવ મજાની ખિસકોલી
તું દોડ તને દઉં દાવ મજાની ખિસકોલી

-ત્રિભુવનદાસ ગૌરીશંકર વ્યાસ

## મને ઓળખે છે

મારી શેરીમાં કાળવી સૌને ભસે
અને હાઉ હાઉ બચકું ભરવા ધસે
મને ભાળીને ચૂપ થઇ જાય,
એ તો મને ઓળખે છે

મારા ફળિયે કબૂતર ઘૂઘવતાં
કોઇ ઓરું આવે તો  ઊડી જતાં
મારા હાથમાંથી ચણ લૈ ખાય,
એ તો મને ઓળખે છે
મારા વાડામાં નાનકું ઝાડવું છે
મારે એનું નામ ભાઇબંધ પાડવું છે

મને રોજ રોજ આપે છે ફૂલ,
એ તો મને ઓળખે છે
મારી આંખોની કીકી નાનકડી
એમાં સોનપરી આવે છાનકડી
એ તો કરતી ઝુલ્લમઝૂલ,
એ તો મને ઓળખે છે

રમેશ પારેખ

## મને મળી ગયું બાળપણ બાગમાં

વૃક્ષ ઝુકી ઝુકી વંદન કરતાં નિહાળું,
પવન લહેરાય છે બાગમાં.

ફૂલો મહેંકતા અભિવાદન કરે,
રંગ-બેરંગી પતંગા શોભે બાગમાં.

કોયલ ટહુક, ટહુક કરતી સાંભળું,
નાચે મોર કળાકરી ખુશ બાગમાં.

ઝાકળ-બિંદુ ચમકી રહ્યુ પાનપર,
પક્ષીગણ ગીત ગાતા બાગમાં.

નિર્મળ ઝરણ વહેતું ધીરે ધીરે,
બાળ છબછબીયા કરતાં બાગમાં,

સુરજ નીચે નમી કરે ડોકિયું,
મને મળી ગયું બાળપણ બાગમાં.

- વિશ્વદીપ બારડ

## મને મારૂં બચપણ યાદ આવે

મને મારૂં બચપણ યાદ આવે,
યાદ કરૂ, થોડું રડવું આવે.
મને મારૂં બચપણ યાદ આવે,
મનભરી થોડું થોડું હસાવે.
મને મારૂં બચપણ યાદ આવે,
મોઈ-દાંડીયા આજ યાદ આવે!
મને મારૂં બચપણ યાદ આવે,
મહેંકતી મારી વાડી યાદ આવે.
મને મારૂં બચપણ યાદ આવે,
વરસાદની વાછટ યાદ આવે.
મને મારૂં બચપણ યાદ આવે,
રીસાઈને છુપાતા યાદ આવે.
મને મારૂં બચપણ યાદ આવે,
પથારી ભીંજાતી યાદ આવે.
મને મારૂં બચપણ યાદ આવે,
મા જાગતી રાત યાદ આવે.
મને મારૂં બચપણ યાદ આવે,
દાદીમાની વાર્તા યાદ આવે.
મને મારૂં બચપણ યાદ આવે,
ભુલાયેલું બચપણ યાદ આવે.

- વિશ્વદીપ બારડ

## મમ્મા ઢીંગલ ઢીંગલ ઢીંગલ

મમ્મા ઢીંગલ ઢીંગલ ઢીંગલ ,
પપ્પા ઢીંગલ ઢીંગલ ઢીંગલ
હું તો ઢીં...ગ...લી....(૨)

કપડાં ધો ધો કરું ,
મારા હાથ દુ:ખી જાય (૨)
મમ્મા ઢીંગલ

પોતું કર કર કરું,
મારી કમર દુ:ખી જાય (૨)
મમ્મા ઢીંગલ

કચરો વાળ વાળ કરું,
મારા હાથ દુ:ખી જાય (૨)
મમ્મા ઢીંગલ

ચૂલો ફૂંક ફૂંક કરું,
મારી આંખો દુ:ખી જાય (૨)
મમ્મા ઢીંગલ

## મા મને સાગર કિનારે લઈ જા

મા મને સાગર કિનારે લઈ જા.
મોજાની મસ્તી માણવી છે મારે,
કિનારે બેસી રેતમાં ઘર બનાવું છે મારે..મા મને સાગર કિનારે લઈ જા.

પાણીમાં છબ છબીયા કરવા છે મારે,
લહેરાતા પવનમાં કાઈટ ઉડાવી છે મારે..મા મને સાગર કિનારે લઈ જા.

ચી,ચી કરતાં સિગુલને ખવડાવવું છે મારે,
છીપલા વીણી વીણી ઘર લાવવા છે મારે...મા મને સાગર કિનારે લઈ જા.

ફેલકનની લાંબી ચાચો નિહાળવી છે મારે,
રંગ-બેરંગી ફીશને પકડવી છે મારે...મા મને સાગર કિનારે લઈ જા.

છીપલાઓ જાત જાતના ભેગાં કરવા છે મારે,
બૉટમાં બેસીને હ્લેસા મારવા છે મારે...મા મને સાગર કિનારે લઈ જા.

દિવસ આખો રહીને પિકનિક માણવી છે મારે,
સાંજે કિનારે બેસી સૂર્યને ડુબતો જોવો છે મારે,મા મને સાગર કિનારે લઈ જા.

- વિશ્વદીપ બારડ

## મા...મા... દિવાળી આવી

મા...મા... દિવાળી આવી,
નવા નવા કપલા સીવલાવજે..
ઓ..મા...દિવાળી આવી..
માલે ખાવા છે ઘાલી ને ઘુઘલા...
ઓ..મા...દિવાળી આવી..
માલે દોરવી સે ગમટી રંગોળી.
ઓ..મા...દિવાળી આવી
કોદીયામાં તેલ પુરી કલવા છે દિવા..
ઓ..મા...દિવાળી આવી
ફટાકલા લાવજે..ફૂલજલી લાવજે..
ઓ..મા...દિવાળી આવી..
ગલમ ગલમ ગોટા ખાવા સે મારે..
ઓ..મા...દિવાળી આવી
કપાલે કંકુનો ચાંદલો કરજે તું...
ઓ..મા...દિવાળી આવી..
વેલો ઉઠી..પેલા પગે લાગીશ તને..
ઓ..મા...દિવાળી આવી..

- વિશ્વદીપ બારડ

## મામાનું ઘર કેટલે દીવા બળે એટલે

મામાનું ઘર કેટલે
દીવા બળે એટલે

દીવા મેં તો દીઠા
મામા લાગે મીઠા

મામી મારી ભોળી
મીઠાઈ લાવે મોળી

મોળી મીઠાઈ ભાવે નહિ
રમકડાં તો લાવે નહિ

## મારા બારણાને ટોડલે ચકલી રમે, એની ઝીણી ઝીણી આંખ

મારા બારણાને ટોડલે ચકલી રમે,એની ઝીણી ઝીણી આંખ,
એની નાની નાની પાંખ,એ તો રમતી ને ઊડતી સૌને ગમે.

મારા ફળિયાને લીમડે પોપટ રમે,એની ગોળ ગોળ આંખ,
એની લીલી લીલી પાંખ,એ તો બોલતો ને ઊડતો સૌને ગમે.

મારા ઘરને તે આંગણે વાછરું રમે,એના સુંવાળા વાળ,
એની થનગનતી ચાલ,એ તો નાચતું ને ફૂદતું સૌને ગમે.

મારી નાનકડી બેન મારા ઘરમાં રમે,એની કાલી કાલી બોલી,
એની આંખ ભોળી ભોળી,એ તો રમતી ને હસતી સૌને ગમે.

સૌને ગમે, સૌને ગમે,ઘર મારું નાનું સૌને ગમે !

## મારો છે મોર

મારો છે મોર મારો છે મોર
મોતી ચરંતો મારો છે મોર

મારી છે ઢેલ મારી છે ઢેલ
મોતી ચરંતી મારી છે ઢેલ

મારો છે મોર મારો છે મોર
રાજાનો માનીતો મારો છે મોર

મારી છે ઢેલ મારી છે ઢેલ
રાણીની માનીતી મારી છે ઢેલ

બોલે છે મોર બોલે છે મોર
સોનાને ટોડલે બોલે છે મોર

બોલે છે ઢેલ બોલે છે ઢેલ
રૂપાને બારણે બોલે છે ઢેલ

## [માલવભાઈ તમે આવજો મારે ગામ]

તમે આવજો મારે ગામ (બાળગીત)

માલવભાઈ તમે આવજો મારે ગામ,
તમે ને હું ભેગા મળી કરશું ઘણા કામ.

ઘર વાળશું,
શેરી વાળશું,
વાળશું પૂરું ગામ……………..તમે ને હું

છોડ વાવશું,
વૃક્ષો વાવશું,
વાવશું કેરી આંબા…………..તમે ને હું

હોજ ખોદશું,
કૂવો ખોદશું,
ખોદશું પૂરું તળાવ…………..તમે ને હું

પાર્થવ ભણશે,
ધર્મેશ ભણશે,
ભણશે પૂરું ગામ……………..તમે ને હું

માલવભાઈ તમે આવજો મારે ગામ,
તમે ને હું ભેગા મળી કરશું ઘણા કામ.

ભરત ચૌહાણ (ઓ-કાન્હા)

## માંદી પડી માંદી પડી આજ મારી ઢીંગલી માંદી પડી

ઢીંગલી માંદી પડી

માંદી પડી માંદી પડી આજ મારી ઢીંગલી માંદી પડી,
એવી રડી એવી રડી આંખમાંથી મોતી ઝરે એવી રડી.

ખાટલામાં સૂવું એને ગમતું નથી,
સખી સાથે રમવા જવાતું નથી.

માંદી પડી માંદી પડી આજ મારી ઢીંગલી માંદી પડી,
એવી રડી એવી રડી આંખમાંથી મોતી ઝરે એવી રડી.

દવા તો પીવી એને ગમતી નથી,
ઈન્જેક્ષન લેવા એને ગમતાં નથી.

માંદી પડી માંદી પડી આજ મારી ઢીંગલી માંદી પડી,
એવી રડી એવી રડી આંખમાંથી મોતી ઝરે એવી રડી.

ભેળપૂરી ને આઈસક્રીમ ખવાતો નથી,
થમ્સઅપ તો બિલકુલ પીવાતી નથી.

માંદી પડી માંદી પડી આજ મારી ઢીંગલી માંદી પડી,
એવી રડી એવી રડી આંખમાંથી મોતી ઝરે એવી રડી.

ભરત ચૌહાણ (ઓ-કાન્હા)

## મેળામાં જઈએ ભાઈ મેળામાં જઈએ

મેળામાં જઈએ ભાઈ મેળામાં જઈએ (૨)
સોબતીઓની સંગે રે (૨)
મેળામાં જઈએ ભાઈ મેળામાં જઈએ (૨)

ચકચક કરતા ને ચીં ચીં કરતાં (૨)
ચકડોળમાં બેસી જઈએ રે (૨)
મેળામાં જઈએ ભાઈ મેળામાં જઈએ (૨)

તબડક તબડક કરતા કરતા (૨)
ઘોડા પર બેસી જઈએ રે (૨)
મેળામાં જઈએ ભાઈ મેળામાં જઈએ (૨)

લાલ પીળા ફૂગ્ગા ફોડતાં ફોડતાં (૨)
જલ્દી ઘેર પહોંચી જઈએ રે (૨)
મેળામાં જઈએ ભાઈ મેળામાં જઈએ (૨)

## મેં એક બિલાડી પાળી છે તે રંગે બહુ રુપાળી છે

મેં એક બિલાડી પાળી છે
તે રંગે બહુ રુપાળી છે

તે હળવે હળવે ચાલે છે
ને અંધારામાં ભાળે છે

તે દૂધ ખાય, દહીં ખાય
ઘી તો ચપ ચપ ચાટી જાય

તે ઉંદરને ઝટપટ ઝાલે
પણ કૂતરાથી બીતી ચાલે

તેના ડીલ પર ડાઘ છે
તે મારા ઘરનો વાઘ છે

## યાદ આવે માના મીઠા બોલ

યાદ આવે માના મીઠા બોલ,
કરતો રોજ ફરિયાદ તને,
તોય તું તો મીઠી ઢેલ..યાદ આવે માના મીઠા બોલ

સાગર જેઓ ખોળો જેનો,
માખણ જેવી કુણી મા,
કોયલ થઈ એ ટહુંકી ઉઠે .યાદ આવે માના મીઠા બોલ

કોઈ કરે ફરિયાદ મારી,
ના સાંભળે એના બોલ,
ભેટી પડી એ વહાલ કરે...યાદ આવે માના મીઠા બોલ

હૈયું એનું હળવું ફુલ,
મનનો માળો સુંદર સુંદર,
મંદીરમાં તું એક જ દેવી..યાદ આવે માના મીઠા બોલ

- વિશ્વદીપ બારડ

## રજા પડી,  મજા પડી

રજા પડી..

રજા પડી, મજા પડી,
આજ મારી સ્કુલમાં રજા પડી.
મામા ઘેર જઈશું, મજા કરીશું,
દાદીમા સાથે લાડ લડીશું.
જ્હુ માં જઈશું, હાથીભાઈ જોઈશું,
વાંદરાની ગમ્મત,વાઘને જોઈશું.
દરિયા કિનારે છીપલા વીણીશું,
રેતીમાં રમી, કુબા બનાવીશું.
રોજ રોજ અમે મજા માણીશું,
મીઠી મારી મા સાથે મજા માણીશું.

- વિશ્વદીપ બારડ

## રંગીલા રંગીલા રંગીલા પતંગિયા

રંગીલા રંગીલા રંગીલા પતંગિયા
હા હા હા હો હો હો હા હા હા પતંગિયા

બાળકો બાગમાં રમવાને આવતા
દોડાવી દોડાવી થકવી એ નાખતા
મન મારું મોહી લેતા રે પતંગિયા
રંગીલા રંગીલા રંગીલા

ફૂલડે ફૂલડે આમતેમ દોડતા
આકાશે ઉડતાને હાથમાં ન આવતા
મન મારું મોહી લેતા રે પતંગિયા
રંગીલા રંગીલા રંગીલા

## રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી

રીંછ એકલું ફરવા ચાલ્યું

રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી;
સામે રાણા સિંહ મળ્યા રે, આફત આવી મોટી.

ઝૂકી ઝૂકી ભરી સલામો, બોલ્યું મીઠા વેણ:
"મારે ઘેર પધારો રાણા! રાખો મારું કહેણ.

હાડચામડાં બહુ બહુ ચૂંથ્યાં, ચાખોજી મધ મીઠું;
નોતરું દેવા ખોળું તમને, આજે મુખડું દીઠું!"

રીંછ જાય છે આગળ, એના પગ ધબધબ,
સિંહ જાય છે પાછળ, એની જીભ લબલબ.

"ઘર આ મારું જમો સુખેથી, મધની લૂમેલૂમ."
ખાવા જાતા રાણાજીએ પાડી બૂમેબૂમ!

મધપૂડાનું વન હતું એ, નહીં માખોનો પાર;
બટકું પૂડો ખાવા જાતાં વળગી લારોલાર!

આંખે, મોઢે, જીભે, હોઠે ડંખ ઘણેરા લાગ્યા;
"ખાધો બાપ રે!" કરતાં ત્યાંથી વનરાજા તો ભાગ્યા.

રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી;
સામે રાણા સિંહ મળ્યા રે, આફત આવી મોટી.

-રમણલાલ સોની

## લીલી પીળી ઓઢણી ઓઢી રે મેં તો ઓઢી રે

લીલી પીળી ઓઢણી (૨) ઓઢી રે મેં તો ઓઢી રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)

હાથ કેરા કંગન (૨) પહેર્યા રે મેં તો પહેર્યા રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)

કાન કેરા કુંડળ (૨) પહેર્યા રે મેં તો પહેર્યા રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)

નાક કેરી નથણી (૨) પહેરી રે મેં તો પહેરી રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)

પગ કેરા ઝાંઝર (૨) પહેર્યા રે મેં તો પહેર્યા રે
હું તો જાતી નિશાળિયે દોડી રે દોડી (૨)

## વાદળ વાદળ વરસો પાણી

વાદળ વાદળ વરસો પાણી
વાદળ વાદળ વરસો પાણી

મોજ પડે અમને રમવાની
વાદળ વાદળ વરસો પાણી

વીજળી ચમકે વાદળ ગરજે
ઝરમર પાણી વરસે
મોજ પડે હોડી રમવાની

વાદળ વાદળ વરસો પાણી
વાદળ વાદળ વરસો પાણી

## વારતા રે વારતા ભાભો ઢોર ચારતા

વારતા રે વારતા
ભાભો ઢોર ચારતા

ચપટી બોરા લાવતા
છોકરાઓને સમજવતા

એક છોકરો રિસાણો
કોઠી પાછળ ભિંસાણો

કોઠી પડી આડી
છોકરે રાડ પાડી
અરરર માડી

## શીંગોડા શીંગોડા

શીંગોડા શીંગોડા
અમને આપો થોડા
એક પછી એક આવો
નહિતર પડી જશો મોડા
મોડા મોડા મોડા

એક શીંગોડું એવું મારું
આખો દિવસ રડતું
એક શીંગોડું એવું મારું
આખો દિવસ રડતું
કજિયા કરતું એં એં કરતું
કજિયા કરતું એં એં કરતું
કહો એ તમને ગમતું ?
ના ના ના !

શીંગોડા શીંગોડા
અમને આપો થોડા
એક પછી એક આવો
નહિતર પડી જશો મોડા
મોડા મોડા મોડા

એક શીંગોડું એવું મારું
આખો દિવસ લડતું
એક શીંગોડું એવું મારું
આખો દિવસ લડતું

બટકાં ભરતું ચિંટીયા ભરતું
બટકાં ભરતું ચિંટીયા ભરતું
કહો એ તમને ગમતું ?
ના ભાઈ ના !

શીંગોડા શીંગોડા
અમને આપો થોડા
એક પછી એક આવો
નહિતર પડી જશો મોડા
મોડા મોડા મોડા

એક શીંગોડું એવું મારું
આખો દિવસ હસતું
એક શીંગોડું એવું મારું
આખો દિવસ હસતું
ભલે ને દુખ હોય કે
ભલે ને સુખ હોય
કહો એ તમને ગમતું ?
હા ભાઈ હા !
હા હા હા !

શીંગોડા શીંગોડા
અમને આપો થોડા
એક પછી એક આવો
નહિતર પડી જશો મોડા
મોડા મોડા મોડા

## સગપણ

ચોરી કરવા ચાલ્યા ચોર
સોનીપોળમાં થાતો   શોર
સીપાઈ મળ્યા સામા
બાના ભાઈ તે મામા

મામા લાવે છૂકછૂક ગાડી
બાને માટે લાવે સાડી
સાડીના રંગ કાચા
બાપના ભાઈ તે કાકા

કાકા કાકા કારેલાં
કાકીએ વઘારેલાં
કાકી પડ્યાં રોઈ
બાપની બેન તે ફોઈ

ફોઈ ફૂલડાં લાવે છે
ફુવાને વધાવે છે
ફુવા ગયા કાશી
બાની બેન તે માસી

## સાઈકલ મારી ચાલે

સાઈકલ મારી ચાલે, એની ઘંટી ટનટન વાગે
સરસર સરસર ભાગે, એની ઘંટી ટનટન વાગે

સાઈકલ મારી ચાલે, એની ઘંટી ટનટન વાગે

ચાર પૈડાવાળી ને
ગાદીવાળી સીટ
પૂરપાટ ભાગું તો ય
નથી લાગતી બીક

સાઈકલ મારી ચાલે, એની ઘંટી ટનટન વાગે

હું ને ભાઈ મારો
આખો દી ફરવાના
નદીએ ફરવા જાશું
સૌથી છાનામાના

સાઈકલ મારી ચાલે, એની ઘંટી ટનટન વાગે

સાઈકલ મારી ચાલે
જાણે ઘોડાગાડી
સરસર સરસર ભાગે
જાણે એંજિન ગાડી

સાઈકલ મારી ચાલે, એની ઘંટી ટનટન વાગે

## સાત વાર

લઈ લો પાટી દફતર પોથી
આજે છે સોમવાર

નાસ્તાનો ડબ્બો રાખો ભૂલશો મા
આજે છે મંગળવાર

કાઢો કાઢો પતંગ-માંજો
આજે છે બુધવાર

ગુરુજનને તે વંદન કરજો
આજે છે ગુરુવાર

શુક્રવારે ચણા ફાકજો
આજે છે શુક્રવાર

જય બોલો બજરંગબલીની
આજે છે શનિવાર

રમત ગમત ને હરવા ફરવા
થાવ આજ તૈયાર
રજા મજા ને ખેલનો દિવસ
આજે છે રવિવાર

આજે છે રવિવાર

## સામે એક ટેકરી છે

સામે એક ટેકરી છે, ત્યાં વડનું ઝાડ છે
વડને વડવાઈઓ છે, ઠંડી મજાની હવા છે

કાલે ત્યાં જાશું ભાઈ,હીંચકા ખાશું ભાઈ
ઉજાણી પણ કરશું ભાઈ,રમીને જમીને જશું ભાઈ

આ દાતરડું કેવું, ઘાસ કાપે એવું
આ ઘાસ કેવું, ગાય ખાય એવું

આ ગાય કેવી, દૂધ આપે એવી
આ દૂધ કેવું, દહીં થાય એવું

આ દહીં કેવું, છાસ થાય એવું
આ છાસ કેવી,,માખણ થાય એવી

આ માખણ કેવું, ઘી થાય એવું
આ ઘી કેવું, લાડવા થાય એવું

આ લાડવા કેવા, મને ભાવે   એવા
એક   હતી છોકરી, એણે પાળી બકરી

છોકરી ગઈ ફરવા, બકરી ગઈ ચરવા
ફરીને આવી છોકરી, ભાળી   નહિ   બકરી

રડવા લાગી છોકરી, એં એં એં
આવી પહોંચી બકરી, બેં બેં બેં

## સિંહની પરોણાગત

રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી
સામે રાણા સિંહ મળ્યા ને આફત આવી મોટી

ઝૂકી ઝૂકી ભરી સલામો બોલ્યું મીઠાં વેણ
મારે ઘેર પધારો રાણા રાખો મારું ક્હેણ

હાડ ચામડાં બહુ બહુ ચૂંથ્યાં ચાખોજી મધ મીઠું
નોતરું દેવા ખોળું તમને આજે મુખડું દીઠું

રીંછ જાય છે આગળ એના પગ ધબ ધબ
સિંહ જાય છે પાછળ એની જીભ લબ લબ

ઘર આ મારું જમો સુખેથી મધની લૂમેલૂમ
ખાવા જાતાં રાણાજીએ પાડી બૂમે બૂમ

મધપુડાનું વન હતું એ નહીં માખીનો પાર
બટકું પૂડો ખાવા જાતાં વળગી લારોલાર

આંખે મોઢે જીભે હોઠે ડંખ ઘણેરા લાગ્યા
ખાધો બાપ રે કરતા ત્યાંથી વનરાજા તો ભાગ્યા

રીંછ એકલું ફરવા ચાલ્યું હાથમાં લીધી સોટી
સામે રાણા સિંહ મળ્યા'તા આફત ટાળી મોટી

-રમણલાલ સોની

## હતો હું સુતો પારણે પુત્ર નાનો

માના ગુણ

હતો હું સુતો પારણે પુત્ર નાનો,
રડું છેક તો રાખતું કોણ છાનો ?

મને દુ:ખી દેખી દુ:ખી કોણ થાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

સૂકામાં સુવાડે ભીને પોઢી પોતે,
પીડા પામું પંડે, તજે સ્વાદ તો તે;

મને સુખ માટે કટુ કોણ ખાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

દઇ છાતી સાથે બચી કોણ લેતું ?
તજી તાજું ખાજું મને કોણ દેતું ?

મને કોણ મુખે મીઠાં ગીત્ ગાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

પડું કે ચડું તો ખમા આણી વાણી;
પડે પાંપણે પ્રેમનાં પૂર પાણી;

પછી કોણ પોતા તણું દૂધ પાતું ?
મહા હેતવાળી દયાળી જ મા તું.

-દલપતરામ

## હાથીભાઈ તો જાડા લાગે મોટા પાડા

હાથીભાઈ તો જાડા
લાગે મોટા પાડા
આગળ ઝૂલે લાંબી સૂંઢ
પાછળ ઝૂલે ટૂંકી પૂંછ

## હાલરડું હાલા રે વાલા મારા ભઈલાને

હાલરડું
હાલા રે વાલા મારા ભઈલાને
હાં...હાં...હાં...હાં

ભઈલો મારો ડાહ્યો, પાટલે બેસી નાહ્યો
પાટલો ગયો ખસી, ભઈલો પડ્યો હસી
હાલા રે વાલા મારા ભઈલાને
હાં...હાં...હાં...હાં

ભાઈ મારો છે સાગનો સોટો, આવતી વહુનો ચોટલો મોટો
ભાઈ મારો છે વણઝારો, એને શેર સોનું લઈ શણગારો
હાલા રે વાલા મારા ભઈલાને
હાં...હાં...હાં...હાં

હાલા રે વાલા મારી બેનડીને
હાં...હાં...હાં...હાં

બેની મારી છે ડાહી, પાટલે બેસીને નાહી
પાટલો ગયો ખસી, બેની પડી હસી
હાલા રે વાલા મારી બેનડીને
હાં...હાં...હાં...હાં

બેની મારી છે લાડકી, લાવો સાકર ઘીની વાડકી
ખાશે સાકર ઘી મારી બેની, ચાટશે વાડકી મિયાંઉમીની
હાલા રે વાલા મારી બેનડીને
હાં...હાં...હાં...હાં

## હું કેમ આવું એકલી

નાનુભાઈના ગોરી મારે
ગરબે રમવા આવો જો

હું કેમ આવું એકલી
રાતલડી અંધારી જો

રાતલડી અંધારીમાં
શેરી કાંટા વાગે જો

શેરી કાંટા વાગે તો
પગના ઝાંઝર ઝમકે જો

પગના ઝાંઝર ઝમકે તો
નણદી સૂતા જાગે જો

નણદી સૂતા જાગે તો
બે લાડુડી માંગે જો

બે લાડુડી માંગીને
ભરી કોઠીમાં નાખે જો

ભરી કોઠીમાં નાખે તો
ભરભર ભૂકો થાય જો

ભરભર ભૂકો થાય તો
છોકરાં વીણી ખાય જો

છોકરાં વીણી ખાય તો
ઝટઝટ મોટાં થાય જો !

## હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠાં

હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠાં
હું ને ચંદુ છાનામાના કાતરિયામાં પેઠાં
લેસન પડતું મૂકી ફિલમ ફિલમ રમવા બેઠાં
મમ્મી પાસે દોરી માંગી, પપ્પાની લઈ લૂંગી
પરદો બાંધી અમે બનાવી ફિલમ મૂંગી મૂંગી...

દાદાજીનાં ચશ્માંમાંથી કાઢી લીધો કાચ
એનાથી ચાંદરણા પાડ્યાં પરદા ઉપર પાંચ

ચંદુ ફિલમ પાડે ત્યારે જોવા આવું હું
હું ફિલમ પાડું તો જોવા આવે છે ચંદુ...

કાતરિયામાં છુપાઈને બેઠી'તી બિલ્લી એક
ઉંદરડીને ભાળી એણે તરત લગાવી ઠેક

ઉંદરડી છટકી ને બિલ્લી ચંદુ ઉપર આવી
બીક લાગતાં ચંદુ સાથે ચીસો મેં ગજાવી
દોડંદોડા ઉપર આવી પહોંચ્યાં મમ્મી-પપ્પા
ચંદુડિયાનો કાન આમળ્યો, મને લગાવ્યા ધબ્બા...

રમેશ પારેખ

## હોળી આવી હોળી આવી

હોળી આવી હોળી આવી
હોળી આવી હોળી આવી

ફાગણ માસે હોળી આવી
ફાગણ માસે હોળી આવી

હોળી આવી હોળી આવી
હોળી આવી હોળી આવી

રંગભરી પીચકારી આવી
રંગભરી પીચકારી આવી

કેસૂડાના રંગે રંગે
કેસૂડાના રંગે રંગે

ભાઈબંધોના સંગે સંગે
ભાઈબંધોના સંગે સંગે

રંગે ચંગે આજ ઉમંગે
રંગે ચંગે આજ ઉમંગે

આવો હોળી રમિયે
આવો હોળી રમિયે
આવો હોળી રમિયે